RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 219* Date: 06.06.2022 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દિલ્હીના વિજ્ઞાન ભવનમાં પીએમ મોદીનું સંબોધન

## આધુનિક દેશ ન માત્ર ધરતીના વધુને વધુ સંસાધનોનો ઉપયોગ કરી રહ્યાં છે સૌથી વધુ કાર્બન એમિશન : વડાપ્રધાન મોદી



નવીદિલ્હી,તા.૫

પીએમ મોદીએ 'માટી બચાવો આંદોલન' સંબંધિત એક કાર્યક્રમને સંબોધિત કર્યો હતો અહીં પીએમે કહ્યું કે, પહેલા આપણા દેશના ખેડૂત પાસે તેની જમીન કેવા પ્રકારની છે, તેની જમીનમાં શું ખામી છે, કેટલી છે તેની માહિતીનો અભાવ હતો. આ સમસ્યાને દૂર કરવા માટે દેશમાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટે એક વિશાળ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે, પર્યાવરણના રક્ષણ માટે ભારતના પ્રયાસો બહુપક્ષીય રહ્યા છે. જળવાયુ પરિવર્તનમાં ભારતની ભૂમિકા નહિવત છે, ત્યારે ભારત આ પ્રયાસ કરી રહ્યું છે. વિશ્વના મોટા આધુનિક દેશો માત્ર પૃથ્વીના વધુને વધુ સંસાધનોનો નાશ કરી રહ્યા નથી, પરંતુ સૌથી વધુ કાર્બન ઉત્સર્જન તેમના ખાતામાં જાય છે. આ કાર્યક્રમ અંગે વડાપ્રધાન કાર્યાલય એ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે, માટી બચાવો આંદોલન એક વૈશ્વિક પહેલ છે, જેનો હેતુ લોકોને જમીનના બગડતા સ્વાસ્થ્ય વિશે જાગૃત કરવાનો અને તેને સુધારવાના પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાર્યક્રમમાં પીએમ મોદીએ માટી બચાવવા માટે પાંચ મુખ્ય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે કહ્યું કે, આપણે સૌ પ્રથમ એ વાત પર ભાર મૂકવો જોઈએ કે, જમીનને કેમિકલ મુક્ત કેવી રીતે બનાવી શકાય. આ પછી, તેમણે જમીનમાં રહેલા સજીવને બચાવવા અને જમીનનો ભેજ જાળવી રાખવાની વાત કરી. તેમણે કહ્યું કે, ભૂગર્ભજળ ઓછા હોવાને કારણે જમીનને જે નુકસાન થઈ રહ્યું છે, તેને કેવી રીતે દૂર કરવું તે અંગે પણ વિચાર કરવો જોઈએ. તેમજ વન આવરણ ઘટવાથી જમીનનું સતત ધોવાણ કેવી રીતે અટકાવવું.

સેવ સોઈલ મૂવમેન્ટ આ વર્ષે માર્ચમાં સદગુરુ જગ્ગી વાસુદેવ દ્વારા શરૂ કરવામાં આવી હતી, જેઓ ૨૭ દેશોમાંથી પસાર થતી ૧૦૦ દિવસની મોટરસાઈકલ યાત્રા પર છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૫ જૂન, ૨૦૨૨ તેમની મુલાકાતનો ૭૫મો દિવસ હશે. તેમાં ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમમાં મોદીની સહભાગિતા ભારતમાં જમીનના સ્વાસ્થ્યને સુધારવા માટે સહિયારી ચિંતાઓ અને પ્રતિબદ્ધતાઓને પ્રતિબિંબિત કરશે. આ સિવાય પીએમ મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વૈશ્વિક પહેલ 'લાઈફસ્ટાઈલ ફોર એન્વાયર્નમેન્ટ' (લાઈફ) અભિયાનની પણ શરૂઆત કરશે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત આ પ્રયાસ ત્યારે કરી રહ્યું છે જ્યારે ક્લાઈમેટ ચેન્સમાં ભારતની ભૂમિકા નામ માત્ર છે. તેમણે કહ્યું કે વિશ્વના મોટા આધુનિક દેશ ન માત્ર ધરતીના વધુને વધુ સંસાધનોનો ઉપયોગ કરી રહ્યાં છે પરંતુ સૌથી વધુ કાર્બન એમિશન તેના ખાતામાં જાય છે. પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, અમે આ વર્ષના બજેટમાં નક્કી કર્યું છે કે ગંગા કિનારે આવેલા ગામોમાં નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપીશું, નેચરલ ફાર્મિંગનો એક વિશાળ કોરિડોર બનાવીશું. આપણા દરેક ખેતર કેમિકલ ફ્રી હશે, નમામિ ગંગે અભિયાનને પણ નવી તાકાત મળશે. દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજીત કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, પહેલા દેશના કિસાન પાસે આ જાણકારીનો અભાવ હતો કે તેની માટી ક્યા પ્રકારની છે, તેની માટીમાં શું કમી છે આ સમસ્યાને દૂર કરવા માટે દેશમાં કિસાનોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું મોટુ અભિયાન ચલાવવામાં આવ્યું. અમે કેચ ધ રેન જેવા અભિયાનોના માધ્યમથી જળ સંરક્ષણથી દેશના જન-જનને જોડી રહ્યાં છીએ. આ વર્ષે માર્ચ મહિનામાં દેશમાં ૧૩ મોટી નદીઓના સંરક્ષણનું અભિયાન પણ શરૂ થયું છે. તેમાં પાણીમાં પ્રદૂષણ ઓછુ કરવાની સાથે નદીના કિનારા પર વન લગાવવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસે પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ કે, માટી બચાવવા માટે અમે પાંચ મુખ્ય વાતો પર ધ્યાન આપ્યું છે. પ્રથમ- માટીને કેમિકલ ફ્રી કઈ રીતે બનાવવી. બીજુ- માટીમાં જે જીવ રહે છે, તેને કઈ રીતે બચાવવા. ત્રીજુ- માટીમાં ભેજ કઈ રીતે બનાવી રાખવો, તેના મૂળમાં જળની ઉપલબ્ધતા કઈ રીતે વધારવી. ચોથુ- ભૂજળ ઓછુ થવાને કારણે માટીને નુકસાન થઈ રહ્યું છે તેને દૂર કરવું. પાંચમું- જંગલમાં ઘટાડો થવાને કારણે માટીનું જે રીતે ધોવાણ થઈ રહ્યું છે તેને કઈ રીતે રોકવામાં આવે.

### સરકારના પ્રયાસ નિષ્ફળ

## પૈરા શૂટીંગ વર્લ્ડકપ રમવા ફ્રાંસ જઈ રહેલ છ ભારતીય ખેલાડીઓને વીઝા મળ્યા નહીં

નવીદિલ્હી,તા.૬

ફ્રાંસમાં ચાલી રહેલ પૈરા સ્પોર્ટ્સ વર્લ્ડકપમાં ભાગ લેવા જઇ રહેલ ભારતીય ટીમને આંચકો લાગ્યો છે.ભારતીય ટીમના છ સભ્યોને ફ્રાંસથી વિઝા મળ્યા નથી.જેના કારણે તે વર્લ્ડકપમાં ભાગ લઇ શકશે નહીં તેમાં પૈરાલંપિકમાં ભાગ લેવા માટે બે મેડલિસ્ટ પણ સામેલ છે જેમણે તાજેતરમાં દેશનું નામ રોસન કર્યું હતું

ટોકયો પૈરાલંપિકમાં ગોલ્ડ મેડલ જીતનાર અવની લેખારા પણ આ ટીમમાં સામેલ હતી.અવનીએ ટ્વિટર પર પોતાનું દુખ વ્યકત કર્યુ હતું અને લખ્યું હતું કે તેને અને તેની ટીમને વીઝા મળ્યા નથી સાત જુને તેમની એક મહત્વપૂર્ણ મેચ છે પરંતુ તે પહોંચી શકશે નહીં

જાણકારી અનુસાર જે ખેલાડીઓને વીઝા મળ્યા નથી તેમાં સિંદારાજ રાહુલ ઝારખ દીપેન્દ્ર સિંહ સુભાષ રાણા (નેશનલ કોચ) વિવેક સૈની (આસિસ્ટેંટ કોચ) શામેલ છે આ તમામને વીઝા કેમ મળ્યા નથી તેના પર ફ્રેંચ એમ્બેસી તરફથી કહેવામાં આવ્યું છે કે વીઝાની અરજીઓ ખુબ વધુ હતી અમે એપ્રિલથી અત્યાર સુધી અમે તમામ અરજીઓને મંજુર કરી રહ્યાં છે પરંતુ આ છ વીઝા મંજુર થઇ શકયા નહીં ભારતીય ટીમના છ સભ્યોને વીઝા નહીં મળવા પર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એસએઆઇ)એ પણ નિવેદન આપ્યું છે તેણે પોતાના ટ્વીટમાં લખ્યું છે કે આ ખુબ દુખની વાત છે ફ્રાંસ જઇ રહેલ ભારતીય પૈરા શુટીંગ ટીમને વીઝા મંજુર થયા નથી વિદેશ મંત્રાલય,ખેલ મંત્રાલય તરફથી તમામ પ્રયાસો કરવામાં આવ્યા પરંતુ ત્યારબાદ પણ વસ્તુ સુધરી શકી નથી

એ યાદ રહે કે ફ્રાંસમાં હાલના સમયે વર્લ્ડકપ ચાલી રહ્યો છે જે ચાર જુનથી ૧૩ જુન સુધી રમાશે ભારત તરફથી અહીં પર કુલ ૨૨ સભ્યોની મોટી ટીમ જઇ રહી છે આવામાં ટીમ ઇન્ડિયા ત્યાં ઇતિહાસ રચે તેવી આશા છે.

### પદયાત્રીઓથી પ્રથમ વખત રસ્તો જામ

## એક મહિનામાં જ ૧૪ લાખ શ્રદ્ધાળુઓ પહોંચ્યા; બુકિંગ વગર યાત્રા ન કરવા સરકારની ચેતવણી

દેહરાદૂન,તા.૫

ચારધામ યાત્રામાં આ વખતે શ્રદ્ધાળુઓનો ગત વર્ષનો રેકોર્ડ તૂટવા જઈ રહ્યો છે. એક મહિનામાં જ ૧૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચી ચુક્યા છે. ૭ મહિના ચાલનારી આ યાત્રામાં ૩૪ લાખ શ્રદ્ધાળુઓનો રેકોર્ડ છે, જે ૨૦૧૯માં બન્યો હતો. તે પછી કોરોનાના કારણે બે વર્ષ સુધી માત્ર સાંકેતિક યાત્રા થઈ હતી. યાત્રા ઓક્ટોબર સુધી ચાલે છે.

પ્રથમ વખત કેદારનાથ ધામના રસ્તે પગે ચાલતા જતા યાત્રીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામની યાત્રાના રજિસ્ટ્રેશન માટે મહેનત



પડી રહી છે. ઘણા લોકોને ધામમાં રોકાવવા માટે હોટલ કે હોમસ્ટેમાં બુકિંગ મળી રહ્યું નથી. પ્રશાસન પહેલા જ સ્પષ્ટ કરી ચુક્યું છે કે જો રોકાવવાની વ્યવસ્થાન ન હોય તો યાત્રા ન કરવી જોઈએ. જેથી કોઈ તકલીફનો સામનો કરવાનો વારો ન આવે. ઉત્તરાખંડના પર્યટન સચિવ દિલીપ જાવલકરે જણાવ્યું કે આ વખતે આ યાત્રીઓનો રેકોર્ડ તૂટવાની સંપૂર્ણ શક્યતા છે.

ઋષિકેશથી ચારધામ માટે રોજ હજારો વાહનોમાં લગભગ ૫૦ હજાર યાત્રી રવાના થઈ રહ્યાં છે. તેના પગલે છેલ્લા બે વર્ષથી બેરોજગાર બનેલા લોકોના ચહેરા પર ખુશી છે. ઉત્તરાખંડ પર્યટન વિભાગના જણાવ્યા અનુસાર, યાત્રા રૂટ પર ૫ હજારથી વધુ વ્યાપારિક પ્રતિષ્ઠાન છે. તેમાં ઢાબા, હોટલ, હોમ સ્ટે, ડિપાર્ટમેન્ટલ સ્ટોર, મિકેનિક વગેરે હતા. કુલ ૩૦ હજાર લોકોને રોજગાર મળે છે.

કોરોનાના કારણે બે વર્ષ આ બધુ બંધ હતું. કેટલાક પરિવાર પુશ્તૈની ગામ છોડીને શહેરમાં મજૂરી કરવા જતા રહ્યાં હતા. હવે તે પરત આવી ગયા છે. દેવપ્રયાગથી ૨૦ કિમી પહેલા કોડિયાલામાં ઢાબા ચલાવનાર મુદલા કુમારી જણાવે છે કે કોરોનાના કારણે પિતાનું મૃત્યુ થયું છે. બે વર્ષથી ઢાબું બંધ હતું. હવે મેં તેને શરૂ કર્યું છે. યાત્રા પર આવનારા લોકોની વધી રહેલી સંખ્યાને ધ્યાનમાં રાખીને વધુ સ્ટાફ રાખવો પડ્યો છે.

આ રીતે ૪ વર્ષ પહેલા મુકેશ નૌટિયાલે કમેડામાં ૩૦ લાખની લોન લઈને રેસ્ટોરન્ટ ખોલી હતી. કોરોનાથી રોજગારી શૂન્ય થઈ ગઈ. ૧૨ લોકોનો સ્ટાફ હતો, તમામની નોકરી જતી રહી હતી. હવે તમામને પાછા બોલાવ્યા છે.

ચારધામ રૂટ પર એવા ઘણા ગામ છે, જ્યાંથી પલાયણ ચાલુ હતુ. હવે આ ગામોમાંથી પસાર થતા રસ્તાઓ પર ઢાબા ખુલી ગયા છે. રતૂડા ગામમાં ઢાબુ ચલાવી રહેલા રાજન્દ્ર પ્રસાદે જણાવ્યું કે તે દિલ્હીની દિલશાદ ગાર્ડનમાં હોટલ કામ કરતા હતા. હવે ગામમાં પરત આવી ગયા છે. હાલ એવું લાગી રહ્યું છે કે હવે શહેરમાં પરત નહિ જવું પડે. આવી જ કંઈક કહાની મલેથા, વ્યાસી, કમેડા, નગરાસૂ, ધોલતીર વગેરે ગામોની પણ છે.

## અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનની સુરક્ષામાં મોટી ચૂક, પ્લેન નો-ફલાય ઝોનમાં પ્રવેશ્યું

વોશિગ્ટન,તા.૫

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનની સુરક્ષામાં મોટી ખામી હોવાના સમાચાર સામે આવ્યા છે. રેહોબોથ બીચ વિસ્તારમાં એક પ્લેન અચાનક નો-ફલાય ઝોનમાં ઘુસી ગયું હતું. આ જોઈને સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ અને બિડેન અને તેની પત્નીને તરત જ સેફ હાઉસમાં મોકલી દેવામાં આવ્યા. વ્હાઈટ હાઉસ અને સિક્રેટ સર્વિસે જણાવ્યું હતું કે શનિવારે રાષ્ટ્રપતિ જો બિડેનના ડેલાવેર વેકેશન હોમની નજીક એક નાનું ખાનગી વિમાન આકસ્મિક રીતે નો-ફલાય ઝોનમાં ઘૂસી ગયું હતું, જેના કારણે રાષ્ટ્રપતિ અને તેમની પત્નીને બહાર નહી નીકળવાની સૂચના આપવામાં આવી હતી અને થોડા સમય બાદ તેમને સલામત સ્થળે મોકલવામાં આવ્યા હતા.



વ્હાઈટ હાઉસે કહ્યું કે બિડેન અથવા તેના પરિવારને કોઈ ખતરો નથી અને આ સાવચેતીભર્યું પગલું લેવામાં આવ્યું છે. બિડેન અને તેની પત્ની જીલ તેમના રેહોબોથ બીચ ઘરે પરત ફર્યા છે. સિક્રેટ સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્લેન ભૂલથી નો-ફલાય ઝોનમાં ઘૂસી ગયું હતું. તેને તરત જ બહાર ફેંકી દેવામાં આવ્યો. એજન્સીએ કહ્યું કે તે હવે તે પાયલટની પૂછપરછ કરી રહી છે.પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે વિમાન યોગ્ય રેડિયો ચેનલ પર ન હતું અને ફલાઈટ માર્ગદર્શિકાનું પાલન કરતું ન હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને આ અઠવાડિયાની શરૂઆતમાં બિડેનની રેહોબોથ બીચની મુલાકાત પહેલાં વિસ્તારને નો-ફલાય ઝોન જાહેર કર્યો છે. તે ૩૦ માઈલ સુધીના વિસ્તારને આવરી લે છે. ફેડરલ નિયમો અનુસાર, પાઈલોટે ટેક ઓફ કરતા પહેલા તેમના રૂટ પર નો-ફલાય ઝોનની તપાસ કરવી જરૂરી છે.યુએસ મિલિટરી જેટ અને કોસ્ટ ગાર્ડને એરફિલ્ડ પર લઈ જવામાં આવે છે જયાં કાયદા અમલીકરણ એર ક્રૂની પૂછપરછ કરે છે અને સંભવિત ફોજદારી અથવા નાગરિક દંડનો સામનો કરે છે. સીબીએસ ન્યૂઝના પત્રકારે ટ્વિટર પર જણાવ્યું હતું કે તેણે બિડેનને રેહોબોથ બીચ ફાયર સ્ટેશન પર બાઈક ચલાવતા જોયો હતો.

## છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૪૨૭૦ નવા કેસ નોંધાયા છે

નવીદિલ્હી,તા.૫

દેશમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસ (કોવિડ-૧૯)માં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૪૨૭૦ નવા કેસ નોંધાયા છે, જ્યારે આ સમયગાળા દરમિયાન આ જીવલેણ રોગને કારણે ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. ૪૨૭૦ નવા કેસ સાથે દેશમાં અત્યાર સુધીમાં કુલ સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૩૧,૭૬,૮૧૭ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં રવિવાર સુધીમાં એન્ટિ-કોરાના રસીના ૧,૯૪,૦૯,૪૬,૧૫૭ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ અંગેની માહિતી આપી હતી.

૧૬ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ દેશવ્યાપી રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. ફ્રન્ટલાઈન કર્મચારીઓનું રસીકરણ ગયા વર્ષે ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું. કોવિડ-૧૯ રસીકરણનો બીજો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૧ ના ??રોજ ૬૦ વર્ષથી વધુ વયના લોકો અને ૪૫ વર્ષથી વધુ વયના બીમાર લોકો માટે શરૂ થયો હતો. ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકો માટે રસીકરણ અભિયાન ૧ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ શરૂ થયું હતું. ગયા વર્ષે ૧ મેથી, ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને એન્ટિ-કોરોના રસી લેવાની મંજૂરી આપવામાં આવી હતી. આ વર્ષે ૩ જાન્યુઆરીથી ૧૫-૧૮ વર્ષની વયજૂથના કિશોરોનું રસીકરણ શરૂ થયું હતું. દેશમાં આ વર્ષે ૧૬ માર્ચથી ૧૨-૧૪ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું.

## ૨ વર્ષ બાદ જમ્મુ-કાશમીરના હજયાત્રીઓનો પ્રથમ સમૂહ સાઉદી અરેબિયા જવા રવાના થયો

શ્રીનગર,તા.૫

બે વર્ષ બાદ જમ્મુ અને કાશ્મીરના હજ યાત્રીઓનો પ્રથમ બેચ સાઉદી અરેબિયાના મદીના જવા રવાના થયો છે. આ પહેલા હજ યાત્રીઓએ શ્રીનગરના બેમિના હજ હાઉસ ખાતે જરૂરી કાગળની કાર્યવાહી પૂર્ણ કરી અને એરપોર્ટ જવા રવાના થયા. તમને જણાવી દઈએ કે પહેલા આ ફ્લાઈટ ૩૧ મેના રોજ ઉપડવાની હતી, પરંતુ બાદમાં તેને ૫ દિવસ માટે લંબાવી દેવામાં આવી હતી. એક રિપોર્ટ અનુસાર, આ વર્ષે હજ યાત્રા માટે ભારતનો ક્વોટા ૭૯,૨૩૭ હજયાત્રીઓ છે, જેમાંથી કુલ ૫૧૯૬ લોકો જમ્મુ-કાશ્મીરથી હજ પર જશે.

વિશ્વભરમાંથી લાખો મુસ્લિમ શ્રદ્ધાળુઓ દર વર્ષે સાઉદી અરેબિયાની હજ યાત્રા માટે અહીં પહોંચે છે. પરંતુ છેલ્લા ૨ વર્ષથી, કોરોના રોગચાળાને કારણે, ઘણા પ્રતિબંધો હતા. જો કે હવે સાઉદી અરેબિયાએ આ પ્રતિબંધો હટાવી લીધા છે એક અહેવાલ મુજબ, આ પહેલા કેરળથી હજ માટેની પ્રથમ ફ્લાઈટ શનિવારે સવારે કોચી એરપોર્ટથી સાઉદી અરેબિયા માટે રવાના થઈ હતી. સાઉદી અરેબિયન એરલાઈન્સના જીફ ૫૭૪૭ વિમાનમાં કુલ ૩૭૭ હજ યાત્રીઓએ ઉડાન ભરી હતી. તેને કેરળના વક્ફ અને હજ મંત્રી વી. અબ્દુર રહેમાન દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું. હજ યાત્રાળુઓની છેલ્લી બેચ ૩ જુલાઈએ મુંબઈથી ઉપડશે.થોડા દિવસો પહેલા કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે આ વર્ષે ઈન્ડોનેશિયા પછી ભારતમાંથી સૌથી વધુ લોકો હજ પર જશે. તમામ કેન્દ્રો પર રસીકરણ અને આરટી પીસીઆર ટેસ્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. તે જ સમયે, આ વખતે ૫,૦૦૦ મુસ્લિમ મહિલાઓ મેહરમ વિના હજ યાત્રા પર જશે. મતલબ કે મહિલાઓ લોહીના સંબંધ વિનાની વ્યક્તિ સાથે પણ હજ કરી શકશે.અબ્બાસ નકવીએ એમ પણ કહ્યું હતું કે આ વખતે દેશમાં ૧૦ એમ્બર્કેશન સેન્ટર બનાવવામાં આવ્યા છે, જયાંથી હજ યાત્રીઓ હજ માટે જઈ શકે છે. જેમાં દિલ્હી, મુંબઈ, લખનૌ, અમદાવાદ, ગુવાહાટી, શ્રીનગર, કોચી, હૈદરાબાદ અને બેંગ્લોરનો સમાવેશ થાય છે. આ વર્ષે હજ માટે ૯૦,૦૦૦ થી વધુ અરજીઓ મળી હતી.

## તંત્રી સ્થાનેથી...

# કાશ્મીરમાં ઈઝરાયલની નીતિ જરૂરી

*કાશ્મીરમાં આતંકીઓ દ્વારા અલ્પસંખ્યક હિંદુઓની સાથે જ બિનકાશ્મીરીની કરાતી હત્યા બાદ ત્યાંથી કાશ્મીરી હિંદુઓના ફરી એકવાર પલાયનનો ભય ઊભો થયો છે. કાશ્મીરના ઇતિહાસમાં જેહાદી આતંકને કારણે હિંદુ અલ્પસંખ્યકોનું આ આઠમું પલાયન હશે. હાલમાં કાશ્મીરમાં માર્યા ગયેલા હિંદુઓના સ્વજનો તેમની સાથે કામ કરનારા સ્થાનિક લોકો પર આતંકીઓને બાતમી આપવાના આરોપ લગાવી રહ્યા છે. દલિત શિક્ષિકા રજનીબાલાનાં સ્વજનોનું માનીએ તો તે આસપાસના લોકોના વ્યવહારથી અસહજ અનુભવી રહ્યાં હતાં અને તેને કારણે તેમણે પોતાની બદલી ક્યાંક બીજે કરાવવાની અરજી પણ કરી હતી. એના પર સંબંધિત અધિકારીએ કટાક્ષ કરતાં કહ્યું પણ હતું કે તમારી બદલી તો ક્યાંક દૂર થશે. શીર્ષ અધિકારીઓના આદેશ પર તેમની બદલી તો થઈ, પરંતુ તેની બાતમી આતંકીઓ સુધી પહોંચાડી દેવામાં આવી અને ફરજના આખરી દિવસે તેમની હત્યા કરી દેવાઈ! આવી જ કહાની રાહુલ ભટ્ટની પણ કહેવાય છે અને રાજસ્થાનના રહેનારા વિજય કુમારની પણ, જે કુલગામની એક બેંકમાં મેનેજર હતા. હિંદુઓની આ હત્યાઓ વચ્ચે જ કાશ્મીરી અભિનેત્રી અમરીન ભટ્ટની પણ હત્યા થઈ ગઈ. કેટલાય કાશ્મીરી યુવાઓ એમ કહીને તેમની હત્યાને યોગ્ય ઠેરવતાં કહેતા જોવા મળ્યા કે તે હિજાબ નહોતી પહેરતી અને અભિનય ઇસ્લામી માન્યતાઓથી વિરુદ્ધ છે. આ દર્શાવે છે કે કાશ્મીરના મુસલમાન સમાજનું જેહાદીકરણ ચાલુ છે. બિનમુસ્લિમોને કાફિર, મુશરિક ગણાવીને અને આધુનિક જીવનશૈલી અપનાવીને જિંદગી જીવી રહેલા મુસલમાનોને મુનાફિક ગણાવીને મોતને ઘાટ ઉતારવામાં આવે છે. કાશ્મીર હજી પણ જેહાદીઓ પેદા કરતી ફેક્ટરી બનેલું છે. એ જ કારણે 'ઓપરેશન ઓલઆઉટ' છતાં નિર્દોષ લોકોની હત્યાઓનો દોર ચાલુ છે. આ ઓપરેશન અંતર્ગત મોટી સંખ્યામાં આતંકીઓનો સફાયો કરી દેવામાં આવ્યો છે.*

*ઘાટીનો હાલનો ઘટનાક્રમ દર્શાવે છે કે આતંકી જ્યારે જેને ચાહે, નિશાનો બનાવવાની સ્થિતિમાં છે. જે ગતિથી સુરક્ષા દળ આતંકીઓને મારી રહ્યા છે, એ જ ગતિથી કાશ્મીરના કટ્ટરપંથી નવા આતંકીઓને જન્મ આપી રહ્યા છે. જ્યારે પડોશી અને સહકર્મીઓ પર જ આતંકીઓ માટે બાતમીદારી કરવાની શંકા હોય તો કાશ્મીરી પંડિત કે અન્ય અલ્પસંખ્યક કાશ્મીરના મુસ્લિમ સમાજ વચ્ચે હળીમળીને કેવી રીતે રહી શકે? જ્યાં સુધી કાશ્મીરી સમાજને કટ્ટરપંથીઓની ચુંગાલમાંથી કાઢવામાં નહીં આવે અને જનસંખ્યાનું સંતુલન બનાવવામાં નહીં આવે, ત્યાં સુધી હાલત સુધરવાની સંભાવના નથી દેખાતી. એ ધ્યાન રહે કે જ્યારે પણ કાશ્મીરી હિંદુઓ માટે અલગ વસ્તીઓ-કોલોનીઓની વાત થઈ તો યાસીન મલિકથી લઈને મેહબૂબા મુફ્તી અને ફારુક અબ્દુલ્લા સુદ્ધાંએ વિરોધ કરતાં એના પર ભાર મૂક્યો કે પલાયન કરી ગયેલા લોકો પાછા અમારા બધા વચ્ચે આવીને જ રહે. જ્યારે એવું કરવામાં આવ્યું અને કેટલાક કાશ્મીરી હિંદુઓને નોકરીઓ આપીને ઘાટી મોકલવામાં આવ્યા તો તેમની હત્યાઓ થવા લાગી. આને જોતાં કાશ્મીરી લઘુમતીઓ માટે કાશ્મીરમાં નવી કોલોનીઓ-નગર વસાવવામાં આવે, જ્યાં સ્કૂલ, હોસ્પિટલ અને બેંક જેવી તમામ સુવિધાઓ હોય. એવાં સ્થળોની પોતાની એક સ્થાનિક અર્થવ્યવસ્થા હોય, જે શોધ સંસ્થા, આઇટી હબ, જૈવિક ખેતી વગેરે પર આધારિત હોય. સુરક્ષાની દૃષ્ટિએ આ વસ્તીઓને છાવણી ક્ષેત્રોની ચારેબાજુ સ્થાપિત કરવામાં આવે, ઠીક એવી જ રીતે જેમ અંગ્રેજોએ ક્યારેક રાનીખેત અને લેન્સડાઉનમાં પોતાનાં છાવણી ક્ષેત્રોવાળાં હિલ સ્ટેશનોને વિકસિત કર્યાં હતાં. એ પણ ધ્યાન રહે કે દુનિયાભરમાં સદીઓથી ભટકી રહેલા યહૂદીઓને ઇઝરાયલે પાછા ત્યાં પોતાના શહેરમાં વસાવ્યા અને અંતે એક રાષ્ટ્રની સ્થાપના કરી. ઇઝરાયલ તો કેટલીય સબસિડી આપીને યહૂદી વસ્તીઓને પેલેસ્ટાઇની વિસ્તારોમાં પણ વસાવતું રહ્યું છે. ઇઝરાયેલી સેના આ વસ્તીઓને ચારેબાજુથી સુરક્ષા ઉપલબ્ધ કરાવે છે.*

# ભાજપા સરકારના ૮ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં મહાનગર ભાજપા દ્વારા મહિલા સંમેલન યોજાયું.



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકાર ના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૮ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં ભાજપા દ્વારા તા.૪ જૂન ૨૦૨૨, શનિવારે કેન્દ્ર સરકારની લોકકલ્યાણની યોજનાઓની લાભાર્થી બહેનો , સખીમંડળ તેમજ ભજનમંડળના બહેનોનું સંમેલન મહાલક્ષ્મી શ્લોક, પેથાપુર ખાતે યોજાયું હતું જેમાં બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને સૌએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં થઈ રહેલી જનહિતની કામગીરીને બિરદાવી હતી.

આ સંમેલનમાં મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ત્રિદિવસીય રાજનૈતિક પ્રવાસે પધારેલ ગાંધીધામના પૂર્વ ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી, મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહાનગર મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલ, મહિલા કોર્પોરેટરશ્રીઓ, મહાનગર ભાજપા મહિલા મોરચાની પદાધિકારી તેમજ કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહી હતી.

# ભક્તિમાં સમર્પણ જરૂરી છે.

જીવનના તમામ ક્ષેત્રમાં સમર્પણ જરૂરી છે.સમર્પણ વિના જીવન ચાલી શકતું નથી.નવજાત શિશુ પૂર્ણ રીતે પોતાની માઁ ને સમર્પિત થાય છે ત્યારે માઁ તેના તમામ કાર્યો કરે છે,પાલન પોષણ કરે છે. મોટા થયા પછી શાળામાં શિક્ષકને સમર્પિત થઇ શિક્ષણ પ્રાપ્ત કરે છે. રોગી ડૉકટરને સમર્પિત થાય છે ત્યારે રોગનું નિદાન થાય છે. કોઈપણ ગુણને ગ્રહણ કરવા માટે કોઇ યોગ્ય વ્યક્તિની આગળ સમર્પિત થઈએ તો જ કંઇક શિખી શકાય છે, તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પૂર્ણ સમર્પણ જરૂરી છે. જીજ્ઞાસુ અહંભાવનો ત્યાગ કરીને બ્રહ્મવેત્તા સદગુરૂ સમક્ષ સમર્પિત થાય છે તો બ્રહ્મવેત્તા સદગુરૂ નિરાકાર પ્રભુ પરમાત્માનું જ્ઞાન આપી બ્રહ્મજ્ઞાનની જ્યોતિ પ્રજ્વલિત કરે છે. જ્યારે ભક્ત સમર્પણ ભાવથી સદગુરૂની આજ્ઞા માને છે તો આવા ગુરૂભક્તને તમામ સુખો આપે છે.ગીતામાં ભગવાન કહે છે કેઃ તમામ ધર્મોનો આશ્રય છોડીને ફક્ત એક મારે શરણે આવી જા હું તને તમામ પાપોમાંથી મુક્ત કરી મોક્ષ પ્રદાન કરીશ, તૂં ચિંતા ના કરીશ.પ્રકૃતિ પણ અમોને સમર્પણની પ્રેરણા આપે છે.

મિટા દે અપની હસ્તીકો ગર કુછ મર્તબા ચાહે,
દાના ખાકમેં મિલકર ગુલે-ગુલઝાર હોતા હે

આપણું મન ઘણું ચંચળ છે તેને વશમાં કરવું કઠીન છે.માયા અનેક રૂપોમાં આકર્ષિત કરે છે અને તે લોભમાં આવી ફસાઇ જાય છે. સદગુરૂનું જ્ઞાન જ તેને વશ કરે છે. કુંભે બંધા જલ રહે જલ બિન કુંભ ન હોઈ, જ્ઞાનકા બંધા મન રહે ગુરૂ બિન જ્ઞાન ન હોઈ'' મન ઉપર વિજય મેળવવા તેને ભક્તિમાં લગાવવું જરૂરી છે.

એકવાર ગુરૂ શિષ્ય પગપાળા જઇ રહ્યા હતા.રાત્રિ પડતાં એક સ્થાન ઉપર વિશ્રામ



કરવા માટે રોકાઇ જાય છે.ગુરૂએ શિષ્યને કહ્યું કે હું આરામ કરૂ ત્યાં સુધી તું ચોકીદારી કર,ત્યારપછી તૂં આરામ કરજે અને હું જાગીશ. થોડા કલાક આરામ કરી ગુરૂજી જાગ્યા અને શિષ્યને આરામ કરવા કહ્યું. થોડા સમય પછી ત્યાં એક સર્પ આવીને શિષ્ય તરફ આગળ વધે છે ગુરૂજી તેને રોકે છે ત્યારે સર્પ કહે છે કે મહારાજ ગયા જન્મમાં તમારા શિષ્યે મારૂં ખૂન કર્યું હતું એટલે આ જનમમાં હું તેનું ખૂન પીવાનો છું. ત્યારે ગુરૂજીએ કહ્યું કે તૂં મારા શિષ્યને ડંખ ના મારતો, હું જાતે તેનું ખૂન કાઢીને તને આપું છું. જ્યારે ગુરૂજી તેના શરીરમાંથી ખૂન કાઢી રહ્યા હતા ત્યારે શિષ્ય જાગી જાય છે પરંતુ ઊંઘનો ઢોંગ કરીને સૂઇ રહે છે. સર્પ તો તેનું ખૂન પી ને જતો રહે છે. સવારમાં ગુરૂજી શિષ્યને પુછે છે કે રાત્રે મેં તારા શરીરમાંથી ખૂન કાઢ્યું તેની તને ખબર હતી તેમ છતાં તે મને કેમ કશું પુછ્યું નહી? ત્યારે શિષ્યે કહ્યું કે ગુરૂજી આપ મારા રક્ષક છો, આપે જે કંઇ કર્યું તે મારા હિત માટે જ કર્યું છે એટલે મારે ગભરાવવાની કે પુછવાની જરૂર જ નહોતી. શિષ્યની આવી સમર્પણ ભાવનાથી ગુરૂજી પ્રસન્ન થયા. જે ગુરૂભક્ત સદગુરૂની મર્યાદાનું ધ્યાન રાખીને દ્રઢ વિશ્વાસ સાથે ગુરૂચરણોમાં સમર્પિત થાય છે તે ભક્તિના સાચા આનંદને પ્રાપ્ત કરે છે.પૂર્ણ સમર્પણ પછી ગુરૂભક્તનું પોતાપણું રહેતું નથી કે જેની તે ચિંતા કે અભિમાન કરે.

દ્રોપદીએ સાચા હૃદયથી ભગવાન શ્રી કૃષ્ણને યાદ કર્યા તો ભગવાને આવીને તેની લાજ બચાવી, પ્રહ્લાદે જ્યારે પ્રભુને યાદ કર્યા તો હોલિકા ભસ્મ થઇ ગઇ અને પ્રહ્લાદની રક્ષા થઇ, નિભાડામાં રાખેલાં બિલાડીનાં બચ્ચાંની રક્ષા પણ પ્રભુ સુમિરણના કારણે જ થઇ હતી. સુમિરણનો પ્રભાવ તમામ સિમાઓથી પર હોય છે, તે હોનીને અનહોનીમાં બદલી શકે છે. પૂર્ણ સમર્પણથી કરવામાં આવેલ સુમિરણની શક્તિ કલ્પનાથી પર હોય છે. સુમિરણથી અહંકાર મોહ માયા ક્રોધ નિંદા નફરત લોભ દ્વેષ વગેરે દોષો દૂર થાય છે. પ્રભુ પરમાત્મા ના ચરણારવિંદમાં અહમ અને મમત્વનું સમર્પણ કરીને મનની શુધ્ધિ અને ભાવ શુધ્ધિ દ્વારા જે એકમાત્ર પ્રભુ પરમાત્માનો આશ્રય લે છે તેના હૃદયમાં પ્રભુ પરમાત્મા વિરાજે છે. જેના આચાર વિચાર શુધ્ધ અને અંતઃકરણ નિર્મળ છે, જેની કામનાઓ શુધ્ધ છે તથા જે ભોગોથી વિરક્ત થઇ ચુક્યો છે તે આત્મજ્ઞાની પુરૂષ તમામ કર્મોનો ત્યાગ કરીને આલોકમાં સન્માનિત થઇને પરલોકમાં જઇ બ્રહ્મભાવને પામે છે.

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં સમર્પણના ભાવને પ્રગટ કરતાં કહ્યું છે કે મારા સદગુરૂએ મારા મનને સમજાવ્યું છે કે દુનિયાનો એક જ માલિક અવિનાશી પ્રભુ પરમાત્મા છે. હવે મારા મનની તમામ શંકાઓ દૂર થઇ ગઇ છે. હવે હું એક પ્રભુ પરમાત્માની જ પૂજા અને સુમિરણ કરૂં છું. મારા સદગુરૂએ આ એકનો જ મને અનુભવ કરાવ્યો છે અને કહ્યું છે કે આ પ્રભુ પરમાત્મા જ હંમેશાં રહેનારા છે અને તેમના સિવાય જે કંઇ દશ્યમાન છે તે માયા છે, નાશવાન છે અને અહીયાં જ રહી જનારી છે. મનુષ્ય જો પ્રતિ ક્ષણ પ્રભુ પરમાત્માને યાદ કરે તો અંતસમયે પણ તેમાં લીન થઇ જાય છે. ભગવાન શ્રીકૃષ્ણજીએ શ્રીમદ ભગવદ ગીતામાં કહ્યું છે કે તૂં સર્વ કાળે મારૂં સ્મરણ કર અને યુદ્ધ પણ કર.મારામાં મન અને બુદ્ધિ અર્પિત કરવાવાળો તું નિઃસંદેહ મને જ પ્રાપ્ત થઇશ.ભગવાનના સુમિરણની જાગૃતિના માટે ભગવાનની સાથે પોતાપણું હોવું જોઇએ.આ પોતાપણું જેટલું દ્દઢ હશે એટલી જ ભગવાનની સ્મૃતિ વારંવાર આવશે. મારામાં મન અને બુદ્ધિ અર્પણ કરી દેવાનો સામાન્ય અર્થ એ થાય છે કે મનથી ભગવાનનું ચિંતન થાય અને બુદ્ધિથી પરમાત્માનો નિશ્ચય કરવામાં આવે, પરંતુ તેનો વાસ્તવિક અર્થ એ છે કે મન બુદ્ધિ ઇન્દ્રિયો શરીર વગેરેને ભગવાનનાં જ માનવાં.ક્યારેય ભૂલથી પણ પોતાનાં ના માનવાં કારણ કે જેટલા પણ પ્રાકૃત પદાર્થો છે તે તમામ ભગવાનના જ છે અને તે પ્રાકૃત પદાર્થોને પોતાના માનવા એ જ ભૂલ છે.જ્યાં સુધી આપણે તેને પોતાનાં માનીશું ત્યાં સુધી આપણે શુદ્ધ થઇ શકતા નથી.

આપણો સબંધ ફક્ત પ્રભુ પરમાત્માની સાથે જ છે.પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્યની સાથે આપણો સબંધ ક્યારેય હતો નહીં, છે નહીં અને રહેશે પણ નહીં કારણ કે આપણે સાક્ષાત પરમાત્માના જ સનાતન અંશ છીએ.અપ્રાપ્તિનો અનુભવ તો કદી પ્રાપ્ત ન થવાવાળા શરીર અને સંસારને પોતાનાં માનવાથી અને તેઓની સાથે સબંધ જોડવાથી જ થાય છે. માનવ શરીર ક્ષણભંગુર છે,કાલનો કોઇ ભરોસો નથી તેથી જેનું વધુ ચિન્તન કરીશું તેનો જ ભાવ અંતસમયે યાદ આવશે માટે શ્વાસ શ્વાસે એક પ્રભુ પરમાત્માનું સુમિરણ કરી નિષ્કાભમભાવે કર્મો કરતા રહી આત્મસમર્પણ કરી ઇશ્વરને યાદ કરીશું તો આપણો આલોક અને પરલોક બંન્ને સુધરી જશે તેમાં કોઇ શંકા નથી.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# કેબિનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા ની ઝંઝાવતી મુલાકાત થી આદિવાસી લોકોમાં અનેરો ઉત્સાહ



રવિવારે આહવા તાલુકાના સાપુતારા ખાતે સવારે સ્વામિનારાયણ મંદિર ના દર્શન અને આશીર્વાદ મેળવી જાખાના ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના ના લાભાર્થી સાથે મુલાકાત કરી ચર્ચા કરવામાં આવી હતી. ગલકુંડ પંચાયત ના પાયરપાડા ગામે નરેગા યોજના જમીન લેવલિંગ ની કામગીરી નિહાળી મંત્રી શ્રી એ મજૂરો સાથે ચર્ચાઓ સાથે શ્રમદાન કરી લોકના પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી તેમની સમસ્યા નિવારવા ખાતરી આપી હતી.ત્યારબાદ ગલકુંડ ખાતે આમ જનતા સાથે ચાય રેકડી પર ચા પાણી કરી લોકોના ખબર અંતર પૂછ્યા હતા.

મંત્રીશ્રીના મિલનસાર સ્વભાવ થી ડાંગ વાસીઓએ ઠેર ઠેર ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું .ગલકુંડ બીલમાળ માર્ગ ઉપર આવેલ કામત ગામે પ્રધાનમંત્રી સિંચાઈ યોજના હેઠળ સોલાર કુવાના લાભાર્થી ને મળી સરકારશ્રી દ્વારા સિંચાઈ ની ખેતી માટે આપવામાં આવેલ કુવા ના લાભ થી તેમના પરિવાર ખેતી કરી પગભર થતા સરકારશ્રી તેમજ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાનો ખેડૂત પરિવારે આભાર વ્યક્ત કરી હતી. ત્યારબાદ સુપ્રસિદ્ધ યાત્રાધામ તરીકે ઓળખવામાં આવતું બીલમાળ અર્ધનારેશ્વર મંદિર ખાતે દર્શન કરી પૂજ્ય અનેકરૂપી મહારાજ પાસે આશીર્વાદ મેળવ્યા હતા.મંદિર ટ્રસ્ટ દ્વારા માજી મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા સહિત જિલ્લા પંચાયત પ્રમુખ મંગળભાઈ ગાંવીત,પાર્ટી પ્રમુખ દશરથભાઈ પવાર,મહામંત્રી રાજેશભાઈ ગામીત,કિશોરભાઈ ગાંવીત,વિસ્તારક મૃગેશ તિવારી, સંજય વહેવારે, ધર્મેશભાઈ પટેલ, રણજિતાબેન પટેલ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમૃત મિશન અંતર્ગત બોરખલ ગામે પાણી પુરવઠા વિભાગનો નિર્માણ થઈ રહેલા ડેમનું નિરીક્ષણ કરી ગુણવત્તા યુક્ત કામગીરી કરવા ઈજારદારને સૂચનો આપવામાં આવ્યા હતા. જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આદિમ જૂથના લોકો સાથે તેમની સમસ્યા ની રજુઆત સાંભળી તેનું નિવારણ કરવા માજી મંત્રીશ્રી એ ખાતરી ઉચ્ચારી હતી.ત્યારબાદ સરકારી માધ્યમિક શાળાની નવ નિર્મિત બિલ્ડીંગની મુલાકાત લીધી હતી.વિવિધ સમુદાયના અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરી પાર્ટીને મજબૂત કરવા અનુરોધ કર્યો હતો.રિમાન્ડ હોમના બાળકોની મુલાકાત લઈ તેમને નોટબુક વિતરણ કર્યું હતું.અંતમાં ભાજપ મંડળ સમિતિઓની સમીક્ષા કરી આવનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાવવા આહવાન કર્યું હતું.

નરેન્દ્ર પવાર,ડાંગ

# પર્યાવરણની દેવી ગૌમાતા

વૈજ્ઞાનિકોએ છેલ્લી શતાબ્દીમાં અનેક નવા નવા આવિષ્કારો કર્યા. વિકાસની અનેક નવી દિશાઓ ખોલી. પણ પછી તેના વિનાશક પરિણામોએ સમગ્ર માનવજાતની ઊંઘ હરામ કરી દીધી છે. તેનાથી વિશ્વની સમગ્ર માનવજાત ઉપર જે સંકટના વાદળો છવાયા છે, તેણે માનવ જાતના અસ્તિત્વ સામે ખતરો ઉભો કર્યો છે . ૨૧ મી સદીમાં પર્યાવરણનો વિનાશ એ મોટી વિકરાળ સમસ્યા બની ગઈ છે. આજે સમગ્ર વિશ્વ સતત ભયના ઓથાર નીચે જીવી રહયું છે. વિકાસની ગુલબાંગો મારતા આપણે સૌ તેની ભયાનકતાથી થરથરી ઉઠીએ છીએ. વિજ્ઞાન અને ટેકનોલોજીએ વિકાસની સાથે વિનાશનાં પણ દ્વારો ખોલી નાખ્યા છે. વિજ્ઞાનનો અમર્યાદ અને સમજણ વગરનો ઉપયોગ આપણને કયાં દોરી જશે ? પર્યાવરણની અવગણનાના કારણે સમગ્ર વિશ્વમાં ન જોયા હોય, ન કલ્પ્યા હોય, ન સમજી શકાય તેવા કુદરતી બનાવો જેવા કે ધરતીકંપ, સુનામી, વાવાઝોડા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઠંડી, ગરમીનું ઉંધુ ચક્ર, હિમશિલાઓનું ઓગળવું. ઓઝેન થરમાં ગાબડા, જંગલોમાં આગ જેવી અનેક આપત્તિઓ આજે સામાન્ય થઈ ગઈ છે. બીજી બાજુ આતંકવાદ, નકસલવાદ, હત્યા, લુંટફાટ, ચોરી, બળાત્કાર, વાયુ અને જળપ્રદુષણ, ખોરાકમાં ભેળસેળ, માનસિક અસમતુલા, અશાંતિ અને ન કલ્પી હોય તેવી બીમારીઓ અને દવાઓ તથા કેમીકલ્સની આડઅસરો, આ બધુ આપણને વિશ્વ વિનાશની ભયાવહતાનું તાદ્રશ નિરૂપણ કરતી ફિલ્મ "૨૦૧૨"ની યાદ અપાવે છે. ૨૧ મી સદી વિકાસની બની રહેશે કે વિનાશની ?

લાખો વર્ષ પહેલાં ભારતના ઋષિમુનિઓએ ગહન ચિંતન દ્વારા વૈજ્ઞાનિક શોધો કરીને પર્યાવરણના રક્ષણ અને પોષણ માટે સચોટ ઉપાયો શોધ્યા હતા. વેદોમાં લખ્યું છે. × પૃથ્વી શાંતિ : અંતરીક્ષ શાંતિ : વનસ્પતયો શાંતિ : × ઋષિમુનિઓ એ પોતાની પ્રાર્થના કદી મનુષ્યો સુધી સીમિત ન રાખતા સમગ્ર બ્રહમાંડના કલ્યાણ અને મંગલઅર્થે પણ કરી છે. વર્તમાનકાળના વૈજ્ઞાનિકો અન્ય ગ્રહો ઉપર જીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે સંશોધનો કરી રહયા છે, ત્યારે લાખો વર્ષ પહેલાં રચાયેલ વેદોમાં " અંતરીક્ષ શાંતિ :," એટલે કે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો ઉપર આવેલ જીવ સૃષ્ટિની શાંતિ માટે પણ પ્રાર્થના કરી છે . એટલું જ નહિ, વેદોમાં × વનસ્પતયો : શાંતિ :× ભારતના મહાન વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝે કેટલાંક વર્ષો પહેલા શોધ્યું કે વનસ્પતિમાં જીવ છે, એ વાત લાખો વર્ષ પહેલાં ભારતનાં ઋષિમુનિઓએ વેદોમાં લખી છે, સાથે સાથે વનસ્પતિના રક્ષણ, પોષણ અને સંવર્ધન માટે માનવજાતને ચોક્કસ દષ્ટિ અને દિશા આપી છે.હિન્દુ ધર્મશાસ્ત્રોના ચિંતનમાં સમગ્ર પર્યાવરણનાં બધાં જ તત્વો જેવાકે તુલસી , પીપળો, વડ વગેરે વૃક્ષોની પૂજા કરીને વનસ્પતિના મહત્વને ધર્મ અને માનવ જીવનની દૈનંદિન પ્રવૃતિ સાથે વણી લીધા છે .

× સાદુ જીવન ઉચ્ચ વિચાર × વાળી વિકેન્દ્રીત , સ્થાનિક, કુદરત આધારિત , સ્વાવલંબી જીવન પધ્ધતિ તરફ પાછા વળવાનો સમય પાકી ગયો છે . ભારતીય જીવન પધ્ધતિમાં વ્યક્તિ, સમષ્ટિ અને પરમેષ્ટી સુધી જીવ માત્રના કલ્યાણની ×વસુધૈવ કુટુંમ્બકમ ×ની સર્વજીવ હિતાવહ , સર્વ મંગલકારી , સર્વ કલ્યાણકારી આદર્શ વ્યવસ્થા હતી. જે માનવીની સમગ્ર જીવ સૃષ્ટિ અને પ્રકૃતિ સાથેના તાદાત્મ્યવાળી ઉચ્ચ જીવન શૈલી હતી. પુન : આ વ્યવસ્થાને વર્તમાન સમયને અનુરૂપ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવેકપૂર્ણ ઉપયોગ સાથે અને ધર્મ, નૈતિક મૂલ્યો , આહાર - વિહાર અને સામાજીક , આર્થિક પરિસ્થિતિ સાથે તાલમેલ બેસાડી એક શ્રેષ્ઠ જીવન પધ્ધતિ - સમાજ વ્યવસ્થાના નિર્માણ માટે કાર્ય યોજના તૈયાર કરવાનો સમય પાકી ગયો છે આજે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ છે . પર્યાવરણ રક્ષા એટલે જમીન , જળ , જંગલ , જાનવર અને જીવની રક્ષા. વિશ્વ પર્યાવરણ દિન નિમિતે ભારતીય ચિંતનમાં × ગૌમાતા × નું સ્મરણ કરવું અતિ આવશ્યક છે . ગૌમાતાનું જીવન જ પર્યાવરણ રક્ષાનું ઉતમ દ્રષ્ટાંત છે. ગૌમાતાનું વૈજ્ઞાનિક મહત્વ સમજીશું તો તેનું મૂલ્ય સમજમાં આવશે . ગૌમાતાનું પંચગવ્ય - દૂધ , દહીં , ઘી , ગૌમૂત્ર અને ગોબર અને સમગ્ર શરીર પર્યાવરણ રક્ષા માટે જ છે .

કચ્છના પરમ વડીલ મિત્ર શ્રી વેલજીભાઇ ભુંડીયાએ ગાયના દૂધ અને ગોળના મિશ્રણને વનસ્પતિના છોડ, ફળ - ફૂલ, વૃક્ષ ના પોષણ અને ઝડપી વૃદ્ધિ માટેના પ્રયોગો કરી સિદ્ધ કરી બતાવ્યું છે કે આ મિશ્રણ બેસ્ટ ગ્રોથ પ્રમોટર છે. સાથે કીટ નિયંત્રક છે . આમ દૂધ અપ્રત્યક્ષ રીતે પર્યાવરણ રક્ષાનું કાર્ય કરે છે . ગાયનું દૂધ અમૃત છે . ગાયના છાશ , દહીં , માખણ અને ઘી શ્રેષ્ઠ અને ગુણકારી છે. શ્રેષ્ઠ આહાર છે. ઉત્તમ ઔષધિ છે .તેના સેવન થી એટલી દવા અને કેમીકલની આડઅસરો ઘટશે . ઉતમ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થશે . પંચગવ્ય જેટલો ઉપયોગ વધુ એટલી દવાની જરૂર ઓછી અને કેમીકલ્સની આડઅસર ઓછી.

ગાયનું ઘી અને પંચામૃત જે યજ્ઞ- હવન માં ઉપયોગમાં લેવાય છે , તે એક જાતનું " ફ્યુમીગેશન " જ છે , " હવાઈ સ્પ્રે × જ છે. જર્મનીના વૈજ્ઞાનિક ડો. ઉલરીચ બર્કે ×હોમા થેરાપી×ના પ્રયોગો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે કે ગાયના પંચગવ્ય માં એન્ટીબેક્ટરિયલ ,એન્ટીફંગલ , એન્ટિવાયરસ પ્રોપર્ટી છે . ઘી ના પ્રજવલનથી એસીટીલીક એસિડ , ફોર્માલ્ડીહાઇડ જેવા અનેક વાયુઓનું ઉત્સર્જન પર્યાવરણને શુદ્ધ કરે છે . તાજેતરમાં મહર્ષિ મહેશ યોગી યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓ દ્વારા હૈદરાબાદ નજીક કરાયેલ યજ્ઞ દ્વારા પણ આ વાતને વૈજ્ઞાનિક પુષ્ટિ મળી છે. એટલું જ નહીં . પરજન્ય યજ્ઞ દ્વારા વરસાદને ખેંચી લાવવા માટે વાતાવરણ સાનુકુળ થાય છે . ઓઝોન લેયરમાં થતા ગાબડા ને રોકવાની તાકાત આવા યજ્ઞમાં છે પંચગવ્ય દ્વારા પર્યાવરણ શુદ્ધિ ના અનેક પ્રયોગો ગાયત્રી પરિવાર, હરિદ્વારની આધુનિક પ્રયોગશાળામાં થઇ રહ્યાં છે. ગૌમૂત્ર એન્ટી બેકટીરીયલ , એન્ટી વાઈરલ , એન્ટી કેન્સર , એન્ટી ઓકસીડન્ટ ગુણો ધરાવે છે . ગૌમૂત્રનો છંટકાવ ઘરની આસપાસ નું વાતાવરણ શુદ્ધ રાખે છે . ગૌમૂત્રનો પેસ્ટીસાઈડ , કીટનાશક તરીકેનો ઉપયોગ ઓર્ગેનીક ફૂડ માટે શ્રેષ્ઠ હોવા ઉપરાંત કેમીકલ દવાઓની ઝેરી અસરોથી બચાવી કરોડો જીવને આરોગ્ય પ્રદાન કરે છે . જમીનની ઉર્વરા શકિત વધારે છે .

ગાયનું ગોબર ઉત્તમ ફર્ટીલાઇઝર- ખાતર છે તે આપણે સૌ જાણીએ છીએ. ગોબરમોથી આધુનિક ટેકનોલોજીથી બનાવવામાં આવતા વર્મીકમ્પોસ્ટ , પ્રવાહી જીવામૃત , ઘન જીવામૃત અને હ્યુમસ જમીનની ઉર્વરા શક્તિ વધારે છે. કેમિકલ અને પેસ્ટીસાઈડ થી જમીન ને બચાવે છે. ઉપયોગી માઈક્રોફલોરાની વૃદ્ધિ કરે છે . તંદુરસ્ત વૃક્ષ છોડ ની વૃદ્ધિ માં સહભાગી થાય છે. એલન સેવરી નામના વૈજ્ઞાનિકે ગાયોને જંગલમાં ચરવાથી જંગલોનો નાશ નહીં પરંતુ જંગલની વનસ્પતી સંપદામાં વૃદ્ધિ થયાનું પ્રતિપાદિત કર્યું છે . ગાયના ગૌમુત્ર અને ગોબર થી જમીનની ઉર્વરા શક્તિ વધવાથી આમ બન્યાનું તેનું તારણ છે. ફેકટરીઓનું પ્રદૂષણ ઘટે , કરોડો જીદગી આરોગ્યમય રહે, વક્ષો અને અન્ય જીવને નુકશાન ન થાય.એટલું જ નહીં જમીન પર પડતા ગૌમૂત્ર અને ગોબરથી અનેક વૃક્ષો અને વનસ્પતિથી હરીયાળી છવાઈ રહે છે . અબજો રૂપિયાના ડીઝલની આયાત બંધ થઈ જાય . હુંડીયામણ બચે . ગોબર વિકરણોનું શોષણ કરી જીવ માત્રનું રક્ષણ કરે છે . માટે જ આપણે ત્યાં ગોબરથી ઘર - આંગણા માં લીપણની પધ્ધતિ વિદ્યમાન હતી.

બળદ આધારિત ખેતી અને ટ્રાન્સપોર્ટ દ્વારા કરોડો રૂપિયાના ડીઝલની બચત ઉપરાંત ડીઝલનો ધુમાડો બંધ થતા પર્યાવરણ શુદ્ધિ થશે. સજીવ ખેતીને પ્રોત્સાહન મળશે. ગાયના ગોબરમાંથી બાયોગેસ , સીએનજી બનાવવાથી પ્રદૂષણ અટકશે. કરોડો રૂપિયાનું હૂંડિયામણ બચે છે. વધુમાં , ગાયો ના ગોબર નો ઉપયોગ ઇકોફ્રેન્ડલી હાઉસ હોલ્ડ, કોસ્મેટિક અને ડેકોરેટિવ આર્ટીકલ્સ બનાવાના પ્રચલનની રાષ્ટ્રીય કામધેનુ આયોગે પહેલ કરી છે . ગાયના ગોબરમાંથી પર્યાવરણ રક્ષક ગણેશ લક્ષ્મી અને અન્ય દેવ- દેવીઓની તેમજ મહાન પુરુષો ની મૂર્તિ , રોપાના કુંડા , દીવા , ધૂપબતી , પેન સ્ટેન્ડ , ટેબલ પીસ, ફોટો ફ્રેમ , કી ચેઇન , નેઈમ પ્લેટ , રાખડી, ઘડિયાલ, ધૂળેટીના કલર, રંગોળી, ટાઇલ્સ, બ્રીક અને પેઈન્ટ જેવા અનેક ઉપયોગી આર્ટીકલ્સ બનાવવાનું શરૂ થયું છે. જેથી મહિલા અને યુવા રોજગારી ના નવા દ્વાર ખુલ્યા છે .

ગોબર માંથી બનાવેલી લાકડીઓ આજકાલ સ્મશાનમાં અગ્નિદાહ માટેના ઈમારતી લાકડાના વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાનું શરૂ થયું છે . જેથી વૃક્ષોનું છેદન અટકશે અને પર્યાવરણ રક્ષણ થશે . ગાયના મુત્યુબાદ ગાયના શબને જમીનમાં સમાધિ આપીને "સમાધિ ખાતર × બનાવાય છે , જે ખૂબ જ પૌષ્ટિક છે , ઓર્ગેનિક ખેતી માટે લાભદાયક હોવા ઉપરાંત ખેડૂતોને વિદેશી ફર્ટિલાઇઝરના ખર્ચામાંથી બચાવી શકે છે . ગાય - બળદના મૃત્યુ બાદ તેના શીંગડામાંથી બનતું " શિંગ ખાતર " તો એટલું મૂલ્ય છે કે તેની કિંમત લાખોમાં આંકી શકાય ! આ ખાતર ખેતરમાં છાંટી દેવાથી જમીનની ઉર્વરા શક્તિ અનેકગણી વધી જાય છે.

ભારતના વૈજ્ઞાનિકો એ હમણાં ગાયના પંચગવ્ય અને હર્બલ ના મિશ્રણથી તૈયાર કરેલા દ્રવ્ય ના પ્રયોગો દ્વારા પ્રદૂષિત તળાવો, સરોવરો તથા નદીઓ નું પ્રદૂષણ દૂર કર્યું છે . જળ પ્રદૂષણ દૂર કરી શુદ્ધ જળ માટે આ શોધ અતિ ઉપયોગી પુરવાર થઈ શકે છે.

ગાયની ઓરા વાતાવરણને પવિત્ર અને શુધ્ધ રાખે છે . ગાયનું સાનિધ્ય વાતાવરણની શુધ્ધતા ઉપરાંત પ્રેમ, કરૂણા, વાત્સલ્ય, દયા, મનની શાંતિ અને પવિત્રતા વધારવાનું તથા નકારાત્મક વિચારો અને વાઈબ્રેશનને રોકવાનું કાર્ય કરે છે. વ્યક્તિ, કુટુંબ, ગ્રામ, સમાજ અને વૈશ્વિક બંધુત્વની ભાવનાને સાકાર કરવાનું માધ્યમ છે ગાય, તેમ કહીએ તો ખોટું નથી ! વર્તમાનકાળમાં ગાય નું મૂલ્ય સમજવા માં આપણે થાપ ખાધી છે . ત્યારે રખડતી ગાયોના ઉપરોક્ત ઉપયોગ દ્વારા પર્યાવરણ રક્ષા થશે , સ્વાસ્થ્ય રક્ષા થશે , જમીન રક્ષા થશે , સાથે ગૌરક્ષા થશે .

ગાય હરતુ ફરતું ઔષધાલય છે. હરતુ ફરતુ આરોગ્ય કેન્દ્ર છે. હરતુ ફરતું દેવાલય છે. પર્યાવરણ દિન નિમિતે આપણે સૌ યથાયોગ્ય ગૌસેવાની વિવિધ પ્રવૃતિઓમાં જોડાઈ પ્રદુષણના કટુસત્યને પર્યાવરણ શુદ્ધિ માટેના સાનૂકૂળ કાર્યમાં પરિવર્તન કરવાનો દ્રઢ સંકલ્પ કરીએ

ડો . વલ્લભભાઈ કથીરિયા
પૂર્વ ચેરમેન , રાષ્ટ્રીય કામધેનુ આયોગ ,
પૂર્વ કેન્દ્રીયમંત્રી - ભારત સરકાર.
૯૧ ૯૦૯૯૩૭૭૫૭૭

# ને રાજુ રદી હેબતાઈ ગયો!!!

"રાજુ. તારે મોટા માણસ થવું છે ને?" મેં રાજુ રદીને પૂછયું.

"હઅઅ" રાજુએ માથું હકારમાં હલાવીને હા પાડી.

"રાજુ. તારી પાસે કેટલા રૂપિયા છે?" મેં રાજુને પૂછયું.

રાજુંએ શર્ટના ખિસ્સામાંથી પંદર રૂપિયા, બીજા ખિસ્સામાંથી પંચોતેર રૂપિયા, પેન્ટના પાછલા ખિસ્સામાંથી બે હજાર રૂપિયા કાઢયા. પછી કહે ," હાર્ડ કેશ આટલા જ છે. ઘરે જોવું પડશે. ફાધર પાસે દસ બાર રૂપિયા હશે!!"

"રાજુ .એક ફાઈનલ ફિગર કહી દે " મેં રાજુને કહ્યું

રાજુ થોડી વાર પછી પ્રગટ થયો. મને કહે ," ગિરધરભાઈ લગભગ વીસ પેટી છે."

"રાજુ. બહું ઓછા પડશે." મેં નકારમાં માથું ધુણાવીને કહ્યું

" ગિરધરભાઈ. તમારે રૂપિયાની શી જરૂર છે?? રાજુએ અધુકડા મને સવાલ પૂછ્યો.

" રાજુ. એક આઈપીઓમાં રોકવા છે." મેં કહ્યું.

" એલઆઈસીનું ભરણું તા. ૯.૫.૨૦૨૨ ના રોજ પૂરું થયું." રાજુએ શટર પાડી દીધા.

" રાજુ. એલઆઈસી માટે તો રકમ વધારે કહેવાય." મેં કહ્યું.

"તો શેના માટે?" રાજુએ ઉંદર બિલાડીની રમતથી કંટાળીને પૂછયું.

" જો ભાઈ કર્ણાટકમાં સીએમ થવું છે??" મેં સીધું જ પૂછયું

" ગિરધરભાઈ કેટલામાં ડીલ ફાઈનલ થાય. ? " રાજુએ મને વ્યવહારિક પૃચ્છા કરી .

" જો રાજુ તળીયાનો ભાવ પચ્ચીસ સો ખોખા છે. ટેબલ પર બેસીએ તો પાંચ પચ્ચીસ ખોખા ઓછા થાય!" મેં રાજુને રહ્યું.

"ગિરધરભાઈ. વીસ પચ્ચીસ પેટીમાં મેળ ન પડે?" રાજુએ દયામણું મો કરી પૂછયું.

" રાજુ. આટલી રકમમાં મંગળ કે ચંદ્ર ગ્રહ પર તને સીએમની ખુરશી મળે!!"

" હેં હેં હે" રાજુ રદી હેબતાઈ ગયો!!!

ભરત વૈષ્ણવ

---

## છે

સનમ સાથે દિલ મળી ગયા છે,
એટલે ઈર્ષાળુઓ સળી કરે છે.
અમને દુખોના સાગર મળે પછી,
ભગવાન સુખની પળી ભરે છે.
એણે જરા સામે જોઈ સ્મિત કર્યું,
દુનિયા કેટકેટલી બળી મરે છે!!
સાચો પ્રેમ શું કલ્પનામાં મળે છે,
પ્રેમના છળકપટ જોઈ છળી મરે છે!
પાણીને ગળણે ગળવાનું સમજ્યા,
અહીં ઈચ્છાઓને ગળી નાંખે છે
નરક મહીં ગરમ તેલનો તાવડો છે,
જીવને પાપડની જેમ તળી કાઢે છે!!

ભરત વૈષ્ણવ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No: 0019**

**પ્રકાર : ગદ્ય**

**શીર્ષક - ફરજ**

હા,હું સૌમ્ય, એક પાંચ વર્ષનો બાળક.મને જરાય નાનો સમજવાની ભૂલ ન કરશો.મેં પણ તમારી જેમ આ કોરોનાની વિકટ પરિસ્થિતિનો સામનો કર્યો છે. શું મને કોરોના હતો? અરે,ના બાબા ના.મારાં લાડકવાયા દાદીને મેં ઓક્સિજન વગર તરફડતાં જોયાં હતાં. પપ્પા કાકા,તથા સગાં વહાલાંઓને ઓક્સિજન લેવાં આમથી તેમ દોડધામ કરતાં જોયાં છે. જાણું છું કે હવામાં મોત છે, પણ જીવવા માટે શ્વાસ તો જરૂરી છે ને! મને બધાની વાત મુજબ એટલી તો ખબર પડી કે આ વૃક્ષો જ આપણાં સાચાં સાથી છે. વૃક્ષો કપાયાં હશે તો જ આટલી અછત થઈ હશે ને? હશે, જાગ્યાં ત્યારથી સવાર.શું કહો છો? હું એકલો શું કરીશ? અરે, અમે બધાં એક એક વૃક્ષ વાવી ધરતીને એનાં સંતાનો પાછાં આપીશું. આજનું વાવેતર, કાલની બચત.જ્યાં જગ્યા મળશે ત્યાં વૃક્ષો વાવીશું.એનું જતન કરવું એ સૌની ફરજ છે. ભૂલકાઓ આટલું કરશે, તો મોટાં પણ એમની ફરજ પૂરી કરશે જ.

ચાલો,હું ક્યાં વાતોમાં ફસાયો.મારે ઘણું કામ કરવાનું છે. હા,માસ્ક તો પહેરીશ જ.ચાલો બધાં વૃક્ષોને પાણી પાવાનું ભૂલતાં નહીં હો!!

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

**NOG SS NO : 004**

**વિષયઃ પર્યાવરણ દિન નિમિત્તે**

**શીર્ષકઃ જો**

જો
જો ભરીને લઈ જાઉં
આ લહેરાતી હવા!
જો ભરીને લઈ જાઉં
મહેકતી સ્પર્શતી હવા!
જો ભરીને લઈ જાઉં
પહાડોની લીલી હરિયાળી!
જો ભરીને લઈ જાઉં
વનરાજીનાં પ્રાણવાયુની લાલી!
જો ભરીને લઈ જાઉં
વહેતાં ગંગાના પવિત્ર નીરને!
જો ભરીને લઈ જાઉં
વહેતા આ નિર્મળતા ભર્યા નીરને!
જો માનવ મહેરામણ તું,
કેવું નિજાનંદનું પોટલું આ,
જો એશોઆરામને ન માણ તું,
કેવી આનંદની ઘડી છે આ!
જો શહેર મારું કેવું તરસે?
સરળ જીવનને કેવું ઝંખે?
જો સમજે તો તે પણ કરી શકે,
શહેર તેનું પ્રદુષણ મુક્ત રાખી!
જો જરૂરત છે એક નાનીશી
સમજની ને સમજદારીની વાચા!
જો તે બચાવે પર્યાવરણને દિલથી,
માનુ સૌ સ્થળે વહેશે ગંગા..ગંગા!

જયશ્રી પટેલ

---

**NOG SS NO - 0050**

**વિષય -આવડત અણઆવડત**

દુ:ખ પર હું વિજય મેળવી શકું એવું કરજો પ્રભુ
એટલી તો આવડત હોવી જોઈએ..!
કે દરેક વખતે નૈયા પાર પાડવા મદદ કરજે..!
હિંમત, સફળતા, મનોબળ, દ્રઢ લક્ષ્યવેધ હોવો જોઇએ..! તો જ સફળતા મળે..!
આવડતને પ્રારબ્ધ જ્યારે પાંગળું બને ત્યારે..!
શ્રમ કરીને અથાગ મહેનત કરીને આવડતથી પોતાનું પ્રકાશ પાથરીએ..!
કર્મયોગી બનશું તો સફળતા જરૂર મળશે..!
અંતરાયો લક્ષ્યના દૂર કરી શકીશું.!
મનોબળ દ્રઢ હશે તો નસીબને પણ બદલશું..!
આપણાં પર ભરોસો આપણને તો ઈશ પણ સહાય કરે...!
ઝઝૂમનારને પેલે પાર ઉતારે..! દરેક કાર્યને હથેળીમાં લઈને રમાડવાની આવડત ન્યારી..! જીવન નાશવંત છે પ્રતીક્ષા ચિકાલીન છે ને પ્રેમ અમર છે..!
હું નવેલી નાર હર કાર્ય મારી આવડત પ્રમાણે કરતી રહીશ..!
કોરું કાગળ હાથમાં રહી ગયું..!
ને મારા કરતાં નસીબ આગળ ચાલી ગયું..!
પછી પ્રભુ દેનથી મંઝિલ સાથે ચાલતા ..!
કર્મ સાથ આપતું રહ્યું આવડત પ્રમાણે પા.. પા.. પગલી પાડતી ગઈ..!
કલમને ઘસતી ગઈ કાગળ શોભાવતી ગઈ..!
તે આવડત નથી તો શું છે..?
નિર્ણય લીધો સાચોને સાબિત કર્યું એ આવડત જ છે..!
એટલો ભરોસો પોતાનાં પર છે..!
ક્યારેક શબ્દોની માયાજાળમાં ક્યાંક આમ ભટકી જવાય..!
દુ:ખ આપનાર આ સંસારમાં ક્યાંક વહી પણ જવાય..!
પણ સંજોગો જીવન કરતાં વધારે વજનદાર નીકળ્યાં..!
ને આવડતને સ્થાન આપ્યું આજે..!
અણઆવડત કહેતાં લોકો મોઢામાં આંગળા નાંખતા રહી ગયાં..!

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

---

**NOG SS No : 001**

**પ્રકાર : ગદ્ય**

**વિષય :- આવડત - અણ આવડત**

**શીર્ષક :-- બાળકની અંદરની તેજસ્વીતા**

દરેક બાળકમાં કોઈકને કોઈક ગુણ છુપાયેલો હોય જ છે.કેટલાક ગુણ માતા – પિતાનાં સાનિધ્યમાં ખીલે છે.પણ કેટલાક ગુણ એવા હોય છે જેને એક પારખું નજર વાળો શિક્ષક જ સાચી ઓળખ મેળવીને બહાર લાવે છે. બાળકની તેજસ્વીતાને તેની આવડત મુજબ ખીલવાનો માર્ગ મોકળો કરી આપે છે.શિક્ષક જ ભણતર ની સાથે સાથે બાળકનું ઘડતર પણ કરે છે એટલે કે એનામાં રહેલા ગુણો ને એની આવડત મુજબ ખીલવવાનું કામ પણ શિક્ષક જ કરે છે.બાળકની અણ આવડતને પણ ધીરજથી અને ખંતથી આવડતમાં પરિવર્તિત કરી આપે છે .

આમ ભણતર અને ગણતર બેઉ એકબીજાનાં પૂરક હોય એમ જ શિક્ષણ આપતાં શિક્ષક જ બાળકો ની અંદરની શક્તિ ને ખીલવી શકે છે.

શિક્ષક દીઘર્દ્રષ્ટા હોય છે. એ જેટલું વિચારી શકે છે કદાચ એટલું કોઈ નહીં !! જે આખી જિંદગી ભણવું – ભણાવવું , સમજવું – સમજાવવું, આ રીતનું જ જીવન વિતાવે છે.એટલે જ તો શિક્ષકનું કામ તો વકીલો, ડોક્ટરો , એન્જિયરો , સૈનિકો કરતાંય મોટું અને શ્રેષ્ઠ છે. એ તો બાળકનાં અંદર રહેલી છૂપી અને અદ્રશ્ય જ્ઞાનરૂપી શક્તિને બહાર લાવીને એ બાળકનાં ભવિષ્યને તેજસ્વી બનાવે છે.એની આવડતને પૂરેપૂરી પારખીને આગળ જતાં એને ડોક્ટર , વકીલ , વૈજ્ઞાનિક , શિક્ષક , ચિત્રકાર કે સંગીતકાર બનાવી આપે છે માત્ર પરીક્ષાલક્ષી જ્ઞાનને જ મહત્વ ના દેતાં વિદ્યાર્થીની સૂઝબૂઝને ધ્યાનમાં રાખીને એને પ્રોત્સાહિત કરે છે.ઉદા. તરીકે કોઈ સારું ગીત ગાઈ શકતો હોય તો તે એ વિદ્યાર્થીની બુદ્ધિમત્તાને આભારી છે. અને શિક્ષક એનાં આ ગુણને વિકસાવવામાં મદદરુપ બને છે. વિદ્યાર્થીઓને એકબીજા સાથે નાં સરખાવીને એનામાં રહેલી તેજસ્વીતાને પારખીને એમાં જ પારંગત થવા માટે પ્રેરે છે. બાળકમાં જે ખૂબી ભગવાને આપીછે એને બહાર કાઢીને સાકાર કરે છે.શીખવવા કરતાં એનામાં જે છે તે જગાડવાનું કામ કરે છે. તે હકીકત છે. અને ભગવાને પણ એ કામ બહુંખૂબીથી નિભાવવા માટે શિક્ષકને જ સોંપ્યું છે.કસ્તુરી મૃગને શિક્ષક પારખે છે.બાળકને એની પોતાની ખૂબીથી અવગત કરાવે છે.તેને વિશ્વાસથી ભરી દે છે.અને બાળકને કહેછે કે તારામાં આ વસ્તુ છે ,તું એ કરી શકે છે. શિક્ષક માર્ગદર્શક બનીને બાળકમાં ઘનસ્વરૂપે રહેલા જ્ઞાનને પીગળાવીને બહાર લાવે છે.

આમ વાસ્તવમાં તો બાળકમાં રહેલી વિશેષતાથી એને અવગત કરાવી એનામાં નિખાર લાવવાનું કાર્ય શિક્ષકનું છે. આજની શિક્ષણ વ્યવસ્થા બાળકોની જિજ્ઞાસાને
મારી નાંખે છે. પણ કુશળ શિક્ષક એ જ વસ્તુ સહજતાથી ભણાવી શકે છે.આમ શિક્ષકની બાળકો માટેની સૌથી મોટી ભેટ જો કોઇ હોય તો એ છે કે બાળકમાં જ્ઞાનની તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન કરવી.અને એ તીવ્રતાને તેજસ્વીતામાં પરિવર્તિત કરવી.

(મારા સંચાલક તરીકે ના શિક્ષક સંબંધિત આવડત માં વિચારો રજૂ કર્યા છે.કોઈ ભૂલ હોય તો ક્ષમા)

સંચાલક : પ્રદીપ રાવલ

---

"પર્યાવરણ દિવસની શુભેચ્છાઓ"

મુક્તિદા કુમાર

'રુપલી'

**Be a part of the Solution...**
**not part of the pollution....**
**Happy environment day**

નવાણું ગાળ સાંભળી સોમી ગાળે માથું કાપી નાખશે !!'શિશુપાલવધ'
એ તો કૃષ્ણનું સુદર્શનચક્ર જ કરી શકે!!
કુદરતનું પણ આવું જ છે.
આપણે આપણી દિનચર્યા -જીવન જીવવાની રીત ચકાસવીજોઈએ,કુદરતથી કેટલા દૂર થતા જઈએ છીએ!
અને અધૂરામાં પૂરું હોય એમ એકબીજા ઉપર દોષારોપણ કરીએ કે :ગ્લોબલ વોર્મીંગ-તો-તું-તે-તેઓ-કરે છે !! જે કરતા હોય તે,પણ પૃથ્વીના સંરક્ષણ માટે "પોતાનીજવાબદારી"ને
સ્વીકારીએ તો કેટલું સારું! આપણે જવાબદારીનું ભાન નથી! એટલે કુદરત એવી તો લપડાક મારે છે-- 'વા,વરસાદ,વંટોળ, આગ, ધરતી કંપ,સુનામી જેવી કુદરતી આફતો મોકલી ભગવાન કે છે"લે લેતો જા" "સો સાસુની એક વહુની" કુદરતી હોનારત થપાટ એવી તો મારે કે આપણે ક્યાંયના ન રહીએ!
"એ...તો ભગવાનની દેન છે"!!
આવું કહી આપણે વસ્તી વધારાને રોકી શકીએ છીએ?!
પર્યાવરણના સંરક્ષણમાટે આંખ ઊઘાડવી હોય તો- વિજ્ઞાનનો દુરુપયોગ કરવા કરતાં,આપણે ખરેખર કુદરતને રીઝવવી હોય તો જેની પૂજા કરીએ છીએ તેવાં તત્વો સૂરજ,પાણી, પવન,વનસ્પતિ,
પર્વતો,પશુઓને પૂજનીય ઘણીએ.એનો દુરુપયોગ નકરીએ.

# સાબરકાંઠા જિલ્લાના તિરુપતિ ઋષિવન દેરોલ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની દબદબાભેર ઉજવણી કરાઈ



ગ્રીન ગ્લોબલ બ્રિગ્રેડ ગુજરાત દ્વારા ૧૧૦૦૦ ગ્રીન કમાન્ડો દ્વારા ૧૧૦૦૦ વૃક્ષોનું વાવેતર ૧૧૦૦ યુનિટ રકતદાન તથા ૧૧૦૦ ગંગાસ્વરૂપ બહેનોનું ધાબળા આપી સન્માન કરાયું. પૂજ્ય સ્વામી પદ્મભૂષણ સંતશ્રી સચ્ચિદાનંદજી મહારાજનું પ્રકૃતિ એવોર્ડ આપી સન્માન કરતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ઋષિવનમાં વૃક્ષારોપણ કરાયું મંત્રીશ્રી ઋષિકેશ દ્વારા તથા મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણને બચાવવા સંકલ્પ સાથે જાગૃતિ સંદેશ પ્રસરાવ્યો

ક્રાંતિકારી પૂજ્ય સંત શ્રી પદ્મભૂષણ સ્વામી સચ્ચિદાનંદજી મહારાજનું જાહેર પ્રાકૃતિક સન્માન તથા અભિવાદન કાર્યક્રમ ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સાબરકાંઠા જિલ્લાના તિરૂપતિ ઋષિવન દેરોલ ખાતે ગ્રીંન ગ્લોબલ બ્રિગેડ ગુજરાત દ્વારા ૧૧૦૦૦ ગ્રીન કમાન્ડો દ્વારા ૧૧૦૦૦ વૃક્ષોનું વાવેતર તથા ૧૧૦૦ યુનિટ રકતદાન તથા ૧૧૦૦ ગંગાસ્વરૂપ બહેનોને ધાબળા વિતરણ તથા પૂજ્ય સ્વામીને પ્રકૃતિ એવોર્ડ દ્વારા સન્માનિત કાર્યક્રમ યોજવામાં આવ્યા હતો. આ પ્રસંગે રાજયના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ ભાઈ પટેલ, હિંમતનગરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ ધારાસભ્યશ્રી કાન્તીભાઈ પટેલ, અગ્રણીશ્રી સોમાભાઈ મોદી ગ્રીન એમ્બેસેડર અને સંસ્થાપક ગ્રીન ગ્લોબલ બ્રિગેડ ગુજરાતના શ્રી જીતુભાઈ તિરુપતિ તથા ગ્રીન ગ્લોબલ બ્રિગેડના પ્રમુખ શ્રી નીલેશ રાજગોર અને પર્યાવરણ પ્રેમીઓ, યુવાનો અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વૃક્ષારોપણ કરી પર્યાવરણ પ્રેમીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે વિશ્વ પર્યાવરણના દિવસે આપણે સૌ પર્યાવરણના જતન માટે ભેગા થયા છીએ. વૃક્ષ વાવી પર્યાવરણની જાળવણી કરવાની છે પ્રકૃતિને જીવંત રાખવાની છે પરંતુ કુદરત વિફરે તો કેટલી હેરાન કરે છે તે પણ આપણે અનુભવ્યું છે. સંસ્થાઓ આ વૃક્ષ ઉછેર માં જોડાય, વ્યક્તિઓ યુવાનો જોડાયા અને સામૂહિક પ્રયાસથી લાંબાગાળાનું આયોજન અને સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ આપણે કરવાનું છે જેમાં સરકારની પણ જવાબદારી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુઓ પણ બદલાતી જાય છે પણ આપણી પાસે વિઝનરી લીડરશીપ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેટ ચેન્જ, પર્યાવરણ માટે ખૂબ પ્રયાસો કર્યા છે અને કલાઈમેટ ચેન્જ માટે અલાયદો વિભાગ શરૂ કર્યો છે. સાથે સાથે પ્રધાનમંત્રીશ્રીએ પ્રકૃતિ તરફ પાછા વળો નો સંદેશ આપ્યો છે. પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણની જાળવણી માટે એલઈડી બલ્બ વેચીને કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન ઘટાડ્યુ છે. એક સૂરજ એક વિશ્વ એક ગ્રીડનો મંત્ર આપ્યો છે.

વિશ્વમાં સૂર્ય ઉર્જા સોલાર ઉર્જા ને પ્રોત્સાહન આપી ઐતિહાસિક નિર્ણયો કર્યા છે જેમાં વિશ્વના વિકસિત દેશો પણ આ મુહિમમાં જોડાયા છે.

મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને સંબોધન કરતાં જણાવ્યું કે છોડમાં રણછોડ જોઈશું તો અને વૃક્ષ નારાયણની ભાવના તથા ઝાડ કાપવા થી માનવીમાં વેદના થશે તો આપણે પર્યાવરણને જાળવી શકીશું, જતન કરી શકીશું તેમ ભારપૂર્વક જણાવ્યું હતું અને પ્રાકૃતિક ખેતી, ગાય આધારિત ખેતી જમીનનું સ્વાસ્થ્ય સુધારશો તો માનવીનું સ્વાસ્થ્ય પણ આપોઆપ સુધરશે. રાસાયણિક ખાતરો દવાથી માનવી નું સ્વાસ્થ્ય બગડે છે.

ગાય પર આધારિત ખેતી તરફ વળશુ તો માનવી સ્વસ્થ હશે તો બીજું બધું સરળતાથી મેળવી શકાશે. આજે વિશ્વ પર્યાવરણ દિવસે જ વૃક્ષો વાવવા ત્યાં સુધી આ કાર્યને સીમિત ન બનાવી આખા વર્ષ દરમિયાન જયાં પણ જગ્યા દેખાય, શેઢા પાળા, રોડ-રસ્તા, નદીકિનારે કે પડતર જમીનમાં વૃક્ષો વાવીશું જતન કરીશું તો ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન હલ થશે અને કોરોના વખતે ઓક્સિજન ની કિંમત સૌને સમજાઇ છે માટે વધુ વૃક્ષો વાવી ગુજરાતની ધરતીને હરિયાળી નવપલ્લવિત કરવા આહવાન કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત ક્રાંતિકારી સંત સ્વામી સચ્ચિદાનંદ મહારાજે પર્યાવરણ બચાવવા અંગે પ્રેરણાદાયી પ્રવચન આપી આશીર્વચન પાઠવ્યા હતા

આ પ્રસંગે સ્વામી સચ્ચિદાનંદ મહારાજને ચંદનનો છોડ, શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ડો. જીતુભાઈ પટેલ દ્વારા ગ્રીન ગ્લોબલ ટીમ દ્વારા મહાનુભાવોને એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. અને ડો. જીતુભાઈ લિખિત પુસ્તિકા "પ્રેરણા" મંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. સૌ પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ લીધો હતો. બ્રિગેડ દ્વારા એક રૂપિયો દાન કરી સ્વામી સચ્ચિદાનંદને ચેક રૂપિયા ૧,૧૧૦૦૦ નો અર્પણ કરાયો હતો.

ડો. જીતુભાઈ દ્વારા સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા અને સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિની રૂપરેખા તથા કાર્ય યોજના અંગે સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે પુર્વ મંત્રી શ્રી એ.કે પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, રાજયભરમાંથી આવેલા પર્યાવરણ પ્રેમીઓ, ગંગાસ્વરૂપ બહેનો, પદાધિકારીઓએ તથા વન વિભાગના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસનીરાજ્યકક્ષાની ઉજવણી

# રિન્યુએબલ એનર્જીના વધતા ઉપયોગને કારણે ગુજરાતમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો




વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, ગુજરાત સરકારે આપેલ માહિતી અનુસાર છેલ્લા ૫ વર્ષમાં રાજ્યમાં થર્મલ પાવરમાંથી થતા કાર્બન ઉત્સર્જનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ સિદ્ધિ રાજ્ય સરકાર દ્વારા રિન્યુએબલ એનર્જીને અપાતા પ્રોત્સાહનના કારણે પ્રાપ્ત થઈ છે. રાજ્ય સરકાર દ્વારા રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતાને (Installed Capacity) સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. હાલ ગુજરાત રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતાની દ્રષ્ટિએ દેશમાં બીજા ક્રમે છે. રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતામાં વધારો કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં સહાયરૂપ ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઊર્જાની સતત વધતી જતી સ્થાપિત ક્ષમતાની પર્યાવરણ પર સીધી અસર જોવા મળે છે, રાજ્યમાં વર્ષ ૨૦૧૭ની સરખામણીમાં ૨૦૨૨માં કાર્બન ઉત્સર્જનમાં લગભગ ૧૧૫% જેટલો ઘટાડો કર્યો છે. ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી દ્વારા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૨.૦૮ મિલિયન ટન હતો, જે વર્ષ ૨૦૨૧- ૨૨માં વધીને ૨૬.૦૧ મિલિયન ટન થયો છે.

આ જ રીતે ગુજરાત છેલ્લા ૫ વર્ષમાં રિન્યુએબલ એનર્જી દ્વારા કુલ ૯૦.૦૯ મિલિયન ટન કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં સફળ રહ્યું છે. નોંધનીય છે કે પરંપરાગત વીજળીના ઉત્પાદનમાં કોલસાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે, જેના કારણે આ સમગ્ર પ્રક્રિયામાં કાર્બન ઉત્સર્જન પણ વધારે થાય છે.

રિન્યુએબલ એનર્જી લઈ રહી છે પરંપરાગત વીજ ઉત્પાદન પ્રક્રિયાનું સ્થાનરિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતામાં વધારાનો સીધો સંબંધ પરંપરાગત વીજ ઉત્પાદન પ્રક્રિયા પરની ઓછી નિર્ભરતા સાથે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ગુજરાતમાં વીજ ઉત્પાદનની સ્થાપિત ક્ષમતામાં ૮,૦૬૫ મેગાવોટ સાથે રિન્યુએબલ એનર્જીની હિસ્સેદારી (હાઈડ્રો એનર્જી સાથે) ૨૯% હતી જે વર્ષ ૨૦૨૨માં વિજળી ઉત્પાદનની સ્થાપિત ક્ષમતામાં ૧૭,૩૬૭ મેગાવોટના યોગદાન સાથે રિન્યુએબલ એનર્જીની હિસ્સેદારી વધીને ૪૨% થઈ.

આ માહિતીથી એ વાત સ્પષ્ટ છે કે છેલ્લા ૫ વર્ષમાં રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતામાં ઉત્તરોત્તર વૃદ્ધિને કારણે પરંપરાગત વીજળી દ્વારા બનાવવામાં આવેલા એનર્જી યુનિટ્સને રિન્યુએબલ એનર્જીથી રિપ્લેસ કરવામાં આવ્યા છે. આ આંકડા દર્શાવે છે કે ગુજરાત તેની વધતી જતી ઉર્જાની માંગને ન માત્ર રિન્યુએબલ એનર્જીથી પૂરી કરી રહ્યું છે, પરંતુ આમ કરીને પર્યાવરણના સુધારામાં પણ પોતાનું યોગદાન આપી રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, GUVNLના GM (RE&IPP) સુશ્રી શૈલજા વછરાજાનીએ પર્યાવરણ સંરક્ષણ પર ઉર્જા વિભાગના યોગદાન વિશે વાત કરતા જણાવ્યું કે, અમે રાજ્યની સતત વધતી જતી ઉર્જાની માંગને રિન્યુએબલ એનર્જીથી પુરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમારા આ પ્રયાસોએ પર્યાવરણને સુધારવામાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિભાગોને સૂચના આપી છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૭૦ સુધીમાં ભારતને ૦% કાર્બન ઉત્સર્જન ધરાવતો દેશ બનાવવાના સંકલ્પમાં ગુજરાતનું યોગદાન સૌથી વધુ હોય તે માટે આપણે સૌ એ આપણા સ્તરે સુનિશ્ચિત કરવું જોઈએ." ૨૦૩૦માં કાર્બન ઉત્સર્જનમાં ૧૩૯ મિલિયન ટન ઘટાડો કરવાનું લક્ષ્ય. ગુજરાતના ઉર્જા વિભાગે ૨૦૩૦ સુધીમાં ઉર્જા ઉત્પાદનમાંથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરીને ૧૩૯ મિલિયન ટન સુધી લઈ જવાનો નક્કી કર્યો છે. આ માટે રાજ્ય

સરકાર ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતાને ૬૮,૦૦૦ મેગાવોટ સુધી વધારશે.

# ડીસા માં ચાર શખ્સોએ મહિલા ના ઘરમાં ઘૂસી જીવલેણ હુમલો કર્યો

બનાસકાંઠા સમાચાર
રિપોર્ટ : દીલીપ ગોહીલ

બનાસકાંઠાના ડીસા શહેરમાં આજે વધુ એક હત્યાની ઘટના સામે આવી છે. ક્રિકેટ રમવાની બાબતે બાળકો વચ્ચે ઝઘડો થતાં ચાર શખ્સોએ મહિલા પર ઘરમાં ઘૂસી જીવલેણ હુમલો કર્યો હતો. સારવાર દરમિયાન મહિલાનું મોત થતાં જ પોલીસે હત્યારા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

ડીસાના મીરા મોહલ્લા વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ ક્રિકેટ રમવા બાબતે બાળકો વચ્ચે બોલાચાલી થતા ઝઘડો થયો હતો. બાદમાં બાળકોના ઝઘડાને લઈ તેમના પરિવારો વચ્ચે બાખડયા હતા અને ચાર શખ્સોએ નુરબાનુ જહુરહુસેન નામની ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલા ના ઘરમાં ઘૂસી જઈ જીવલેણ હુમલો કર્યો હતો. પેટમાં લાતો મારવા ના કારણે નુરબાનુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત મહિલાને તેમના પરિવારજનો અને આજુબાજુના લોકોએ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જો કે પેટમાં ગંભીર ઈજા થઈ હોવાના કારણે સારવાર દરમિયાન નુરબાનુનું આજે કરુણ મોત નીપજયું હતું. બનાવ ને પગલે ડીસા દક્ષિણ પોલીસ હત્યારાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, ઉલ્લેખનીય છે કે ડીસા શહેરમાં છેલ્લા એક જ અઠવાડિયામાં હત્યા ની આ ત્રીજી ઘટના છે અગાઉ ૨૦ રૂપિયા અને ૫૦૦ રૂપિયા તેમજ આજે બાળકો વચ્ચે થયેલી બોલાચાલી જેવી સામાન્ય બાબતે હત્યાઓ થઈ રહી છે જે સમાજ માટે પણ લાલબત્તી સમાન કિસ્સાઓ છે. ત્યારે લોકોએ આવી નજીવી બાબતો માં સમાધાન કરી ઉકેલ લાવવો જોઈએ જેથી આવા ગંભીર ગુન્હાઓ ને બનતા અટકાવી શકાય

# સિંધુનગર ખાતે વૃક્ષારોપણ કરીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.



કવિ ઉમાશંકર જોશીએ પર્યાવરણ માટે ખૂબ સરસ પંક્તિ કહી છે "વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી, પશુ છે પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ..."

પર્યાવરણને સુરક્ષિત રાખવાના ઉદ્દેશ્યથી દર વર્ષે ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ ર્દ્;ફક્ત એક જ પૃથ્વી" છે. આજે પર્યાવરણનું સંતુલન જાળવવા અને વધતા પ્રદૂષણને અટકાવવા દુનિયા સંઘર્ષ કરી રહી છે ત્યારે ભાવનગરના સિંધુનગર ખાતે આવેલા શ્રી વડવાળા માં ચામુંડા માતાજીના મંદિરના પરિસરમાં વૃક્ષારોપણ કરીને લોકોને જાગૃત કરવામાં આવ્યા. જેમાં મંદિરના માનનીય ટ્રસ્ટી શ્રીઓ માં જીતુભાઈ સોની, શ્રી ધર્મેન્દ્રસિંહ ગોહિલ, શ્રી હરદેવસિંહ ગોહિલ, શ્રી પ્રવીણભાઈ સોની તથા મહેતાજી સુરેશભાઈ બારડ, કનુભાઈ પારેખ, પ્રવિણસિંહ ગોહિલ, પૂજારી શ્રી ભરતભાઈ મહારાજ અને આહીર સમાજ ના અગ્રણી હામુભાઈ, અજયસિંહ વેગડ, સયુંક્ત રાષ્ટ્રના સ્વયંસેવક શ્રી કેવલસિંહ કિશોરસિંહ પાવરા, દિવ્યેશભાઈ ડોડીયા, મહેન્દ્રભાઈ સિસારા, ઋત્વિકભાઈ કોટડીયા તથા અન્ય પર્યાવરણ પ્રેમીઓ જોડાયા હતા.

લોકોને અપીલ કરવામાં આવી હતી કે વિશ્વ પર્યાવરણ દિન સહુ સંકલ્પ લઈએ કે વર્તમાન સમયમાં પર્યાવરણનો પ્રશ્ન સમગ્ર વિશ્વ માટે પડકારરૂપ બન્યો છે ત્યારે આપણે સૌ સાથે મળી પર્યાવરણનું શ્રેષ્ઠ જતન કરી ભાવિ પેઢીને સ્વચ્છ હવા, પાણી, હરિયાળી અને સમૃદ્ધ વારસો આપીએ તે ઇચ્છનીય છે. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન સયુંક્ત રાષ્ટ્રના સ્વયંસેવક શ્રી કેવલસિંહ કિશોરસિંહ પાવરા દ્વારા કરવામાં આવ્યું હતું. સવિશેષ પર્યાવરણની જાળવણી માટે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર અને તેનું જતન કરવું જરુરી છે.

## કુળદેવી ખંભલાય મા પરિવારનું ગૌરવ



હળવદની દીકરી અમેરિકાના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં હળવદની મેઈન બજારમાં કરિયાણાની દુકાન ધરાવતા સ્વ. પુરુષોત્તમ ઠાકરની દીકરીની પૌત્રી ભવ્યા અતુલ રાવલ (ઉંમર વર્ષ ચોવીસ) અમેરિકાના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં જોબ માટે સિલેક્ટ કરાયેલી એક માત્ર વિદ્યાર્થિની છે. શુદ્ધ ગુજરાતી માધ્યમમાં ભણેલી છોકરી અમેરિકાના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં સિલેક્ટ થશે એવી ક્યારેય કલ્પના નહોતી કરી. દર્શના અતુલ રાવલની દીકરી ભવ્યા અતુલ રાવલ અમેરિકાની અગ્રણી કૉલેજમાં એમએસ ફાઇનાન્સમાં ફર્સ્ટ (૯૯.૭૫%) આવી હતી. અમેરિકાના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં તેના સિલેકશન પહેલા સાત જણાની સમિતિએ ઇન્ટરવ્યૂ લીધો હતો. ભવ્યા રાવલ મૂળ હળવદના જ સ્વ.લતાબહેન રમેશચંદ્ર જાનીની દોહિત્રી થાય. અમેરિકામાં તેના પ્રોફેસર્સે અમેરિકામાં પ્રાઇવેટ કરતાં ગવર્મેન્ટ જોબ ભવિષ્ય માટે વધારે સારી ગણાય એવી સલાહ આપી છે. અતુલ રાવલ.મુંબઈ

## પર્યાવરણ સંરક્ષણ માટે ગુજરાત પ્રદૂષણ બોર્ડ દ્વારા હાથ ધરાયેલી પહેલને આવકારતા મુખ્યમંત્રીશ્રી...

# જી.પી.સી.બી ની નવનિર્મિત સુરત, સરીગામ તથા અંકલેશ્વરની પ્રાદેશિક કચેરીના મકાનો તથા એમિશન ટ્રેડિંગ સ્કીમનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરાયુ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસની રાજય કક્ષાની ઉજવણીમા સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે આ દિવસ આપણા ભૂતકાળ પર નજર નાખી વર્તમાનની સ્થિતિના ઉપાયોથી પર્યાવરણ પ્રિય ઉજ્વળ ભવિષ્યનો માર્ગ કંડારવાનો અવસર છે. સમયની માંગ સમજીને અને પૃથ્વી પર જીવવાના દરેકના અધિકારને સુરક્ષિત રાખીને જેટલું બને તેટલું ઓછું નુકસાન પૃથ્વીને થાય તેવું સામાજિક જવાબદારી પૂર્ણ વર્તન કરીએ તેવી અપીલ તેમણે કરી હતી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડર શીપમાં દેશમાં પર્યાવરણ જાળવવાની દિશામાં નવતર કદમ અને પહેલથી દેશને

પ્રાકૃતિક ખેતી દ્વારા જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય સુધારવાની નવી દિશા મળી છે. વડાપ્રધાનશ્રીએ ગ્લાસગો ખાતેની ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે ૨૦૭૦ સુધીમાં ભારતને નેટ ઝીરો કાર્બન એમિશન દેશ બનાવવો છે. આ સંકલ્પને સાકાર કરવા ૨૦૩૦ સુધીમાં નોન ફોસિલ એનર્જી કેપેસિટી ૫૦૦ ગીગા વોટ સુધી લઈ જવાની અને કુલ ઉર્જા જરૂરિયાતના ૫૦ ટકા પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતમાંથી મેળવવાની વડાપ્રધાનની નેમ છે એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત પણ વડાપ્રધાનશ્રીના સંકલ્પને પાર પાડવામા સંપૂર્ણ યોગદાન આપવા સજ્જ છે અને રાજ્યના ઉદ્યોગો અને સૌના સહયોગથી ગુજરાત પર્યાવરણ પ્રિય ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ વર્ષના આ વિશ્વ પર્યાવરણ દિવસે સૌને જળ જમીન બચાવી શુદ્ધ રાખી પર્યાવરણ જાળવવાના સામૂહિક સંકલ્પનું આહ્વાન કર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના ઉદ્યોગ ગૃહોને પણ પર્યાવરણ જાળવી અને પ્રદૂષણ અટકાવી વિકાસમા સહભાગી થવા અનુરોધ કરતા સ્પષ્ટપણે કહ્યું કે ઉદ્યોગ ગૃહોને પર્યાવરણ જાળવવાના પ્રયાસોમાં સરકાર તેમની સાથે છે અને તેમની યોગ્ય તથા વાજબી રજૂઆતો માટે મુખ્યમંત્રી કે પર્યાવરણ મંત્રીના દ્વાર ખુલ્લા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ અવસરે કેટલીક પહેલ પણ હાથ ધરવામાં આવી છે. તદઅનુસાર જી.પી.સી.બી દ્વારા અંદાજીત રૂ. ૫ કરોડના ખર્ચે સાબરમતી, મહિસાગર, તાપી, દમણગંગા નદીઓ અને કાંકરીયા, થોળ તળાવ પર રીયલ ટાઇમ ઓનલાઇન વોટર ક્વોલીટી મોનીટરીંગ સ્ટેશન સ્થાપવાની કામગીરી ચાલુ છે. તેનાથી નદી- તળાવના પાણીની ગુણવતા પર રીયલ ટાઈમ નજર રાખી તેને સુધારવા ચોક્ક્સ પગલાં




ભરી શકાશે.

વિવિધ પ્લેટફોર્મ પર રહેલી ઓનલાઈન મોનિટરિંગની રીયલ ટાઈમ માહિતીને એક જ પ્લેટફોર્મ પર લાવી મોનીટરીંગ, ચેક, વોર્નિંગ - અપડેટ્સ સાથે બોર્ડ વધુ કાર્યક્ષમ અને પારદર્શક રીતે ઓછા મેન પાવર સાથે પ્રદૂષણ નિયંત્રણ કરવા સક્ષમ બને તે માટે અંદાજીત રૂ. ૭ કરોડના ખર્ચે સેન્ટ્રલર કમાન્ડ એન્ડ કંટ્રોલ- સિક્યોર સેન્ટરનું પ્લાનિંગ હાથ ધરવામાં આવ્યું છે,

જેથી તુલનાત્મક ગ્રાફિકલ ડેટાબેઝ પરથી રિસર્ચ અને ડેવલપમેન્ટને પણ વેગ મળશે. આ ઉપરાંત બોર્ડ દ્વારા VLTS-(Vehicle Location Tracking System) કાર્યરત કરવામાં આવી છે. આ સિસ્ટમના ક્લોઝ લુપ થકી જોખમી કચરાના વ્યવસ્થાપન પર બાજ નજર રાખી શકાશે. જીપીસીબીએ શરૂ કરેલી હેલ્પ ડેસ્ક વ્યવસ્થાને સમયની માંગ સાથે નવું જ રૂપ આપી રાજયની ચેમ્બરો દ્વારા ૧૦ થી વધુ ઔદ્યોગિક એસોશિયેશન ખાતે પણ કાયદાકીય તેમજ સરકારી નિયમો માટે માર્ગદર્શન આપવા માટે હેલ્પ ડેસ્ક ઊભા કરવામાં આવ્યા છે. જેમાં બોર્ડના અધિકારીઓ દ્વારા વિડીયો કોન્ફરન્સ થકી માર્ગદર્શન આપવાની સુવિધા કરવામાં આવશે. તેનાથી, ઉદ્યોગોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ થશે ઉદ્યોગોના પ્રશ્નોના સ્થાનિક કક્ષાએ એક સાથે નિરાકરણ માટે જીપીસીબી દ્વારા દર માસના ત્રીજા બુધવારે બપોરે ૩ થી ૫ સમયે રાજ્યની તમામ પ્રાદેશિક કચેરી ખાતેઓપન હાઉસનું આયોજન જાહેર કર્યું છે. ૅઝમ્એ ઉદ્યોગોને સ્થળ પસંદગી માટે પડતી અગવડ દૂર કરવા અને અન્ય વિભાગોના ક્રાઈટેરીયા સાથે સુમેળ કરી "જીપીસીબીના સાઈટીંગ ક્રાઈટેરીયા"ને જાહેર કર્યા છે. આનાથી ઉદ્યોગકાર જમીનમાં રોકાણ કરતા પહેલા સુચારુ રીતે નિર્ણય લઈ શકશે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે Only one Earth" થીમ સાથે પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ રહી છે. દેશમા માત્ર ચાર રાજ્ય પૈકી અલગથી લાઈમેન્ટ ચેન્જ વિભાગ શરું કરવાનું શ્રેય ગુજરાતને જાય છે.સાથે સાથે આપણાં ધર્મસ્થાનોને પ્લાસટીક મુક્ત કરવાની ઝુંબેશમાં ઉધોગો આગળ આવે તેવી હાકલ પણ મંત્રીશ્રીએ કરી હતી.

મંત્રી શ્રી એ વધુમાં જણાવ્યું હતું કે માત્ર ૫ મી જૂનને' વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે ઉજવવો એ પૂરતું નથી. આપણે માત્ર ભૌતિક સુવિધાઓનો જ વિચાર કરીએ છીએ.પરંતુ પર્યાવરણના જતન - સંવર્ધનની ચિંતા કરતાં નથી. આજ વિશ્વમાં ઉજવાતા વિવિધ 'ડે' ની ઉજવણી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પર્યાવરણ દિવસ સાથે જોડાયેલી છે ત્યારે પર્યાવરણની સુરક્ષા એ આપણી અગ્રિમ પ્રાથમિકતા છે એમ તેમણે ઉમેર્યું હતું. અનાજ ઉત્પાદન પ્રક્રિયાનો ઉલ્લેખ કરી મંત્રી શ્રી એ જણાવ્યું હતું કે એક અંદાજ પ્રમાણે ૧ કિલો ઘઉં પકવવા ૮૦૦ લિટર જેટલું પાણી વપરાય છે. ત્યારે તેનો બગાડ આપણને પોષાય નહીં. ?સાથે સાથે વીજ બચાવ, ઈંધણ બચાવ જેવા અભિયાન એ સમયની માંગ છે. આગામી પેઢીને 'સ્વસ્થ પર્યાવરણ' આપવું એ આપણી નૈતિક ફરજ છે ત્યારે ફોરેન કલ્ચર અપનાવવાના બદલે આપણી પરંપરાઓને આગળ વધારવી એ સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું.

વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે ઉધોગ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવાની પ્રક્રિયા રાજ્ય સરકાર સુપેરી રીતે કરી રહી છે. વિશ્વ આખાએ આ બાબત સ્વીકારી છે. રાજયનો વન અને પર્યાવરણ વિભાગ આ દિશામાં કટિબદ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે પ્લાસ્ટિક કચરાના એકત્રિકરણ અને નિકાલની ઝુંબેશમાં સક્રીય યોગદાન આપનાર ઉધોગ -સંસ્થાઓનુ મુખ્યમંત્રી અને મહાનુભાવો દ્વારા પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરાયું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાંગણમા વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટકુમાર પરમાર, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી લોચન શહેરા, જી.પી.સી.બી ના ચેરમેન શ્રી આર.બી બારડ, ફેડરેશન ઓફ ઈન્ડિયાના શ્રી કાંતિભાઈ પટેલ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના શ્રી હેમંત શાહ, ઉધોગપતિઓ અને વરિષ્ઠ પર્યાવરણ ઈજનેરશ્રીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બ્રાહ્મણ એટલે શસ્ત્ર અને શાસ્ત્ર બંન્નેનું જ્ઞાન ધરાવવુ:પુર્વ સીએમ

# થાનગઢ બ્રહ્મસમાજના સમુહ યજ્ઞોપવિત સમારોહમાં ૧૪ બટુકોને યજ્ઞોપવીત સંસ્કાર કરાયા

થાનગઢમાં બ્રહ્મ સમાજ દ્વારા છઠ્ઠા સમૂહ યજ્ઞોપવિત સંસ્કારનું આયોજન કરાયુ હતુ.જેમાં પુર્વ સીએમ સહિત, સંતો તથ આગેવાનોએ બટુકોને આશીર્વાદ પાઠવ્યા હતા.આ પ્રસંગે મોટી સંખ્યામાં થાન સહિત જિલ્લામાંથી માંથી બ્રહ્મ સમાજના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા.

સમુહ યજ્ઞોપવિત બ્રહ્મ સમાજ સમાજ પરિવાર માટે એક જનોઈ દેવીએ મોટો પડકાર હોયછે કારણકે લગનનો ખર્ચો થાય એટલો જ ખર્ચ એક બટુકને જનોયન ખર્ચ થાય છે.જયારે મોંઘવારી દીવશને દીવશે વધી રહી છે.આથી એક પરિવાર માટે જનોઈ દેવી એ અઘરુ થતું જાય છે.સામાન્ય પરિવાર આ ખર્ચ કરી શકતા નથી.ત્યારે થાનગઢ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બીનજરૂરી ખર્ચ અટકે અને



સમાજના લોકોએક છત્રાનીચે આવી એકત્રા થાય માટે સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરાય છે.ત્યારે બુધવારેમાં છઠ્ઠા સમૂહ યજ્ઞોપવિત સમારોહનું આયોજન કરાયુ હતુ.આ પ્રસંગે ઉપસ્થિત પુર્વમુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુકે બ્રાહ્મણો શસ્ત્ર અને શાસ્ત્રનું જ્ઞાન ધરાવવુ.યજ્ઞોપવિત એટલે ઉપનયનસંસ્કાર વિધી ઈશ્વર અને ગુરૂ નજીક જઇ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત જનોઇ ધારણ કરવી જે ૧૬ સંસ્કારમાંથી ૧૦મો સંસ્કાર છે.બ્રાહ્મણનો અર્થ છે જ્ઞાન પ્રાપ્તકરી અન્યોને જ્ઞાન આપવુ. આથાી દેશનાઋષીમુનીઓના વેદો,ઉપનીષદો અને પતંજલીએ આપેલા યોગ વિશ્વને માર્ગદર્શન આપી રહ્યા છે.જયારે આતતાયીઓને દંડ આપવા પરશુરામ અવતાર પણ લીધો હતો.નવીપેઢી ભારતને વિશ્વગુરૂબનાવે તેવી હું શુભેચ્છા આપુ છું.આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રભારી નિતિનભાઇ ભારદ્વાજ,, સુરેન્દ્રનગર પાલીકા પ્રમૂખ વિરેન્દ્રભાઈ આચાર્ય, લીમડી નગરપાલિકા પ્રમુખ બેલાબેન જાની,થાન પાલિકા પ્રમુખ લીલાબેન ડોડીયા, થાન ભાજપ પ્રભારી ફાલ્ગુનીભાઈ ઉપાધ્યાય,પૂર્વનગરપાલિકા પ્રમુખ વિજયભાઈ ભગત, થાન બ્રહ્મસમાજ પ્રમુખ સુરેશભાઇ સોમપુરા, પ્રશાંત ભટ્ટ, વિપુલભાઇ રાવલ, પ્રફુલભાઇ મહેતા, ગૌરાંગભાઇ રાવલ, હેતલભાઇ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છેકે એક પરિવારના બે બટુક લાભ લઇ રહ્યા હતા તેમના પિતાનુ અવશાન થયું હતુ.આ બટુકના પિતાની છેલ્લી ઈચ્છા સમૂહ જનોઈમાં જનોઈ દેવાની હતી.આથી તે પૂરી કરવા પરિવાર હિંમતને સમસ્ત બ્રહ્મસમાજે આપી પરીવારને મદદરૂપ થયા હતા. થાનગઢમાં સમસ્ત બ્રહ્મસમાજનો સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો હતો.

# ડાંગ જિલ્લા ચૂંટણીપંચ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી

: આહવા : તાઃ ૫ :

સરકાર દ્વારા દરેક વિભાગમા પર્યાવરણનુ મહત્વ સમજી વૃક્ષોની જતન પ્રક્રિયાને વેગવંતી બનાવવાની સાથે જ, ચૂંટણી પ્રક્રિયામાં પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓને ધ્યાનમા રાખવા માટે ભારતના ચૂંટણીપંચની માલિકીનુ ઈવીએમ/વીવીપેટ વેર હાઉસ કલેક્ટર કચેરી, આહવા ખાતે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામા આવી હતી. ૧૯૭૪ થી સયુંકત રાષ્ટ્ર દ્વારા ૫મી જૂનને વિશ્વ પર્યાવરણ દિન તરીકે જાહેર કરવામા આવ્યો છે. ડાંગ જિલ્લો વનરાઈથી ભરપૂર છે. તેમ છતાંય હાલની ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિને ધ્યાને રાખતા, સરકારશ્રીના કોઈ ચોક્કસ વિભાગ દ્વારા જ પર્યાવરણની ઉજવણી કરવા સાથે, દરેક વિભાગ દ્વારા પર્યાવરણનુ મહત્વ સમજી વૃક્ષો વાવવામા આવે તે જરૂરી છે. ત્યારે આજ રોજ સરકારશ્રીની સૂચના



મુજબ ચૂંટણી પ્રક્રિયામા પર્યાવરણલક્ષી પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવામા આવે તે માટે જૂની કલેક્ટર કચેરી આહવા ડાંગ ખાતે ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામા આવી હતી. જેના ભાગરૂપે ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા, નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી, તેમજ પ્રાંત અધિકારી શ્રી આર.એમ.જાલંધરા દ્વારા વેર હાઉસ કલેક્ટર કચેરીના પટાંગણમા વૃક્ષો વાવ્યા હતા. આ કાર્યક્રમમા શ્રી સી.વી.પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, શ્રી યુ.વી.પટેલ મામલતદાર-આહવા, તમામ મહેસુલી અને વન વિભાગનો સ્ટાફ હાજર રહ્યો હતો.

નરેન્દ્ર પવાર,ડાંગ



વડગામ તાલુકાના છાપી ગામ ખાતે નાના મદ્રાસા માં સી.એમ.જે સેવા સમિતિ છાપી દ્વારા અને શ્રી શુભમ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ એન્ડ ટ્રોમા સેન્ટર પાલનપુર ના ખ્યાતનામ ડોક્ટર કુલદિપ પટેલ ના સહિયોગ થી હાડકાંના તમામ રોગોનો ફ્રી નિદાન કેમ્પ તેમજ જોઈન્ટ રીપ્લેસમેન્ટ નિદાન અને માર્ગદર્શન કેમ્પ યોજાયો હતો જેમાં આજુબાજુના ગામોના તથા છાપી ગામના ૧૫૦ થી વધુ લોકોએ આ સેવા કેમ્પનો લાહ્વો લીધો હતો સી.એમ.જે સેવા સમિતિ એ લોક ઉપયોગીના કાર્યા કરતી સંસ્થા છે જેમાં મેડિકલ સેવા ના કાર્યા કરવા માટે થઈ આ સંસ્થા લોકોમાં પ્રશંસા ને પાત્ર બની છે...

# અંબાજી માં પ્રસાદી ની ખરીદીમાં માઇ ભક્તો સાથે વેપારીઓ ની ઉઘાડી લુંટ.

બનાસકાંઠા સમાચાર
રિપોર્ટ : દીલીપ ગોહીલ

યાત્રાધામ અંબાજીમાં પ્રસાદીની ખરીદીમાં યાત્રિકો લુંટાતા હોવાની સમસ્યા હજુ પણ યથાવત રહેવા પામી છે. શુક્રવારે સવારે દર્શન કરવા આવેલ અમદાવાદના યાત્રિકને રૂપિયા ૫૦૦ની પ્રસાદીની ટોપલીના રૂ.૧૩૬૦ વસૂલવા વેપારીઓ દ્વારા મારી નાખવાની ધમકી અને વસુલાતને લઈ યાત્રિક સમુદાયમાં ભારે અસંતોષ અને રોષની લાગણી જન્મી છે. આ અંગે સમગ્ર મામલો અંબાજી પોલીસ મથકે પહોંચવા પામ્યો હતો.

રસ્તો બંધ હોવાનું કહી બીજે રસ્તેથી લઈ ગયો

અંબાજીમાં પ્રસાદ-પૂજાપાથી માંડી વિવિધ ચાંદીના અલંકારો અને યંત્ર ખરીદીમાં દૂરદૂરના અંતરેથી આવતા યાત્રિકો ઉઘાડી લૂંટ અને છેતરપિંડીનો ભોગ બનતા હોવાની સમસ્યા ઘર કરી ગઈ છે. આવો જ એક વધુ બનાવ અને કડવો અનુભવ શુક્રવારે સવારે અમદાવાદના ગોપાલભાઈ પટેલ તેમના મિત્રો સાથે પાટણથી અંબાજી માં અંબાના દર્શનાર્થે અનન્ય શ્રદ્ધા સાથે આવ્યા હતા. જ્યાં અંબાજીમાં પ્રવેશતા જ એકાવન શક્તિપીઠ સર્કલ પર એક પ્રસાદીના વેપારીએ તેમને આગળ રસ્તો બંધ હોવાનું અને ગાડી પાર્કિંગ સુધી લઇ જવાનું જણાવી મંદિરના પાછળના ભાગે લઇ ગયો હતો. જ્યાં સુંધા માતા પ્રસાદ સ્ટોર પોતાનો હોવાનું કહી દુકાનમાંથી રૂ.૨૫૧ ની કિંમતની બે પ્રસાદની ટોપલીઓ ભરતભાઈ સહિત સાથે આવેલા યાત્રિકને પધરાવી દીધી હતી.

મારી નાખવાની ધમકી આપી હતી

પ્રસાદના નાણાં ચૂકવવા બાબતે તેણે યાત્રિકને મંદિર બંધ થવાનો સમય જણાવી પ્રસાદના પૈસા પરત આવી આપવા જણાવ્યું હતું. ત્યારે દર્શન કરી પરત ફરેલા યાત્રિક એ બે ટોપલીના રૂ.૨૫૧ લેખે ૫૦૨ ચુકવવા જતા રૂ.૧૩૬૦ ની માગણી કરી હતી. આ બાબતે ઉગ્ર બોલાચાલી અને મામલો બિચકતા પ્રસાદીના વેપારી દિનેશભાઇ ગલબાજી વણજારા (રહે.અંબાજી,તા.દાંતા) તેમજ મનીષભાઇ, રાહુલ અને રામુભાઇને બોલાવી યાત્રિકને રૂ.૧૩૬૦ નઇ આપો તો જીવતા નઈ જવા દઈએ તેવી ધમકી આપી ભયનો માહોલ ઉભો કર્યો હતો.

તંત્રએ કોઈ જ કાર્યવાહી ન કરી

દૂરના અંતરેથી આવેલા અને અંબાજીથી અજાણ એવા યાત્રિકોએ પોતાની સલામતી માટે રૂ.૧૩૬૦ ચૂકવી ગ્રાહક સુરક્ષા કેન્દ્રની સલાહથી અંબાજી પોલીસ મથકે પ્રસાદના વેપારી સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

બેફામ છેતરપિંડીનો ભોગ બનતા યાત્રિકોની સમસ્યા પરત્વે વહીવટી તંત્ર દ્વારા કોઈજ ઠોસ કાર્યવાહી ના અભાવે કેટલાયે યાત્રિકો શિકાર બની રહ્યા છે. તો વળી દૂરના અંતરેથી આવતા કેટલાયે યાત્રિકો કાયદો અને સમય નાણાંના વ્યયને લઈ મુંગા મોંઢે દુઃખ સહન કરી વતનની વાટ પકડતા હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK